Gyan Amrit
જ્ઞાનામૃત

Vol.11 - Issue 6
June 2018
Price 10/-

24th June
માતેશ્વરી જગદંબા સરસ્વતીજી - સ્મૃતિ દિવસ

અમરોલી સેવાકેન્દ્રની કુ.હેત્વી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૯૯.૯૭% સાથે રાજ્યમાં ત્રીજા ક્રમાંકે આવતાં સન્માનીત કરતાં બ્ર.કુ તૃપ્તિબેન. બાજુમાં માતા બ્ર.કુ.રેખાબેન, પિતા બ્ર.કુ.ધવલભાઈ.

અમદાવાદ રાજયોગ ભવનના વાર્ષિક ઉત્સવના પ્રસંગે કેક કટીંગ કરતાં બ્ર.કુ. પુર્ણિમાબેનની સાથે બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. નંદાબેન તથા બ્ર.કુ. વિનુભાઈ.

અમદાવાદમાં 'મધર ડે' નિમિત્તે 'દીકરીને આપો પાંખ' કાર્યક્રમમાં બ્ર.કુ. નંદિનીબેન, કલાસૂર્યા ફાઉન્ડેશનના ડાયરેક્ટર સંગીતાબેન, સ્વામી વિશ્વાનંદજી, Ex. MLA સુરેન્દ્રભાઈ અને જતીનભાઈ સાધુ.

રાજકોટમાં ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશનમાં બેસ પ્રભારી સંમેલનમાં સીનીયર મેનેજરના ગ્રુપને સંદેશ આપ્યા બાદ સમૂહચિત્રમાં મેનેજર હેડ વી.સી.સતી, બ્ર.કુ. આરતીબેન, બ્ર.કુ. પ્રિયંકાબેન.

રાજુલામાં 'વિશ્વ સુરક્ષા સપ્તાહ' નિમિત્તે ગુજરાત સિમેન્ટ વર્કસમાં આયોજીત કાર્યક્રમમાં મેનેજર બી.બી. દાસ સાથે બ્ર.કુ. અનુબેન.

વાલીયામાં આયોજીત 'સેલ્ફ ડેવલપમેન્ટ ટીન એજર્સ કેમ્પ'માં યુવાઓને ટ્રોફી-મેડલ આપ્યા બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. સોનલબેન.

અમદાવાદ ઈસનપુર ખાતે આયોજીત 'મધુર મધુમેહ કેમ્પ'નું ઉદ્‌ઘાટન કરતાં ડૉ.વાલ્સાલન નાયર, કોર્પોરેટર પુલકિતભાઈ વ્યાસ, બ્ર.કુ. ડૉ.મુકેશભાઈ, બ્ર.કુ. જાગૃતિબેન અને બ્ર.કુ. રેખાબેન.

કેશોદમાં 'માર્ગ સુરક્ષા સપ્તાહ' નિમિત્તે ST ડેપોમાં કાર્યક્રમ બાદ સમૂહચિત્રમાં ડેપો મેનેજર ભ્રાતા દેવાભાઈ, ટ્રાફિક ઈન્સ્પેક્ટર ભ્રાતા વલકુભાઈ, બ્ર.કુ. રુપાબેન, બ્ર.કુ. મીતાબેન તથા સ્ટાફ.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૧ જૂન-૨૦૧૮ અંક : ૦૬

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- રાજયોગ પથ - દિવ્ય અનુભૂતિઓ ....તંત્રી સ્થાનેથી ..04
- ખુશી....................................દાદી હૃદયમોહિનીજી ..07
- ભારતનો પ્રાચીન અને વાસ્તવિક......બ્ર.કુ. જગદીશચંદ્ર ..08
- આ રીતે થશે સંસ્કાર પરિવર્તન ....બ્ર.કુ. સૂર્યભાઈ ..11
- માતેશ્વરી બ્રહ્માકુમારી સરસ્વતીજી ....બ્ર.કુ. જગદીશચંદ્ર ..12
- પ્રસન્નતાના પથ પર ....બ્ર.કુ. શિવાનીબેન ..16
- માતેશ્વરી જગદંબા સરસ્વતીજી ....બ્ર.કુ. સરલાદીદી ..21
- જગતની ઉદ્ધારક આદિદેવી ....બ્ર.કુ. નંદિનીબેન ..25
- મારી સુખદ અમેરિકા યાત્રા ....બ્ર.કુ. સુભાષ ..27
- રાજયોગ દ્વારા શક્તિઓની પ્રાપ્તિ .....બ્ર.કુ. ચંદ્રિકાબેન ..30
- હકારાત્મક ....બ્ર.કુ. વિશ્વનાથ ..34

લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨૦૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૦.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧૦૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૦૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
બ્ર.કુ. ડૉ. કાલિદાસ પ્રજાપતિ
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
Phone : 079 - 27621551

મુદ્રક : રાજયોગિની સરલાદીદી
પ્રકાશક : બ્રહ્માકુમારી ઉષાબેન

સ્થાનિક સેવાકેન્દ્ર

આવશ્યક નોંધ

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)

લવાજમ મોકલવાનું, સરનામું બદલાયાની જાણ કરવાનું તથા પૂછપરછનું સરનામું નીચે મુજબ છે.

ગુજરાત ઝોન મુખ્યાલય :
બ્રહ્માકુમારીઝ, સુખશાંતિભવન, ગામડીવાળા ડેરી સામે,
ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
Phone: 079 - 25324160, 25324460, 25324660

પ્રકાશન સ્થળ :
રાજયોગભવન, ૧ ચતુર્ભુજ કોલોની,
ગોરધનવાડીનો ટેકરો, કાંકરિયા, અમદાવાદ-૨૮.
Phone: 079 - 25431676

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

રાજયોગ પથ - દિવ્ય અનુભૂતિઓ

રાજયોગ પથ - અને એમાંયે ખાસ બ્રહ્માકુમારીઝ સંસ્થામાં જોડાઈને રાજયોગનો અભ્યાસ કરવા માંગતા સાધકોએ એવી સજ્જતા સાથે અહીં આવવું કે રાજયોગ પથમાં કૃત્રિમતા, જૂઠ, કપટ, દંભ - દેખાડો કે બાહ્યાચાર લાંબો સમય ચાલી શકતાં નથી. અંતે તો દૂધનું દૂધ અને પાણીનું પાણી સ્પષ્ટ થઈને રહે છે.

રાજયોગી બનવાનું લક્ષ દિલથી સ્વીકાર્યું છે તો તેમાં ચીલાચાલુ, એક જ ઘરેડનો પુરુષાર્થ ચાલી ના શકે. દિનપ્રતિદિન આત્માની ઊર્ધ્વગતિનો ગ્રાફ ઊંચેને ઊંચે જવો જોઈએ. આજના સમયે તો આપણે પદ્માપદ્મ ભાગ્યશાળી છીએ. સંસ્થાનાં વૈવિધ્યસભર પ્રકાશનો, પત્રિકાઓ, પીસ ઓફ માઈન્ડ ચેનલ, સ્પાર્કનાં સંશોધનાત્મક પુસ્તકો, ભઠ્ઠીઓ, તાલીમો, ચાર્ટ, નિરંતર મળતું જ્ઞાનયોગનું લખાણ - આ સૌના કારણે કેવો પુરુષાર્થ કરવો તે શોધવા જવાનું નથી. દિવ્ય મિઠાઈઓના રસથાળ સામે જ છે, માત્ર તેને આરોગવાનો પુરુષાર્થ કરવાનો છે.

રાજયોગીએ હદમાંથી બેહદમાં જવું જોઈએ. મીઠા બાબા સર્વગુણો અને સર્વશક્તિઓના સાગર, રહેમદિલ, કરૂણાસાગર, ભોલાનાથ છે. આપણે પણ તેમનાં સંતાનો દરિયાવદિલ હોવાં જોઈએ. વહીવટી અનુકૂળતા માટે સબઝોન, ઝોન, રાજ્ય, રાષ્ટ્રની વ્યવસ્થા છે પણ **સેવા, ભાવના, સમર્પણ, સહયોગ માટે જેને યથાર્થ આવશ્યકતા છે ત્યાં શ્રીમત લઈને સહયોગી બનવું એ ઉદારદિલી છે.**

રાજયોગ પથનો પુરુષાર્થ વૈવિધ્યસભર છે. આમ છતાં જો સંક્ષિપ્તમાં કહેવું હોય તો કહી શકાય કે રાજયોગી જીવનમાં દિવ્ય અનુભૂતિઓ કરવી તે મહત્વપૂર્ણ છે. **વાણી ગમે તેટલી પ્રભાવશાળી હોય પણ જો તે અનુભૂતિના રંગે રંગાઈને અભિવ્યક્ત થતી હોય તો તે જાદુઈ અસર કરે છે.** અનેક આત્માઓના જીવન પરિવર્તન માટે તે નિમિત્ત બને છે.

અહીં દિવ્ય અનુભૂતિઓ સંબંધી વિચારો અભિવ્યક્ત કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. આ વિષય વ્યક્તિગત પ્રતિભા અને પુરુષાર્થને સ્પર્શે છે. તેની મૂલવણી થઈ ના શકે. જેમ બાબાની યાદમાં અતિ ધૈર્ય, ગંભીરતા અને સમજ આવશ્યક છે તેમ યોગી જીવનની સર્વ મર્યાદાઓ અને નિયમ પાલન ઉપર અનુભૂતિઓનો આધાર રહેલો છે.

પ્રારંભિક

પ્રકૃતિની ગોદમાં, શાંત વાતાવરણમાં યોગાભ્યાસ કરવાથી દિવ્ય અનુભૂતિઓ હૃદયસ્પર્શી બને છે. **બહિર્મુખતાનાં દ્વાર બંધ થાય ત્યારે આતમદીપનાં અજવાળાં પ્રગટે !** ગીતા (7/2) માં કહ્યું છે કે **અનુભવયુક્ત આ જ્ઞાન હું સંપૂર્ણ તને કહીશ, જે જાણ્યા પછી આ લોકમાં ફરી બીજું જાણવાનું રહેતું નથી.** મીઠા મીઠા શિવબાબાએ આપણને એટલું સર્વાંગ સંપૂર્ણ જ્ઞાન આપ્યું છે કે હવે તેને નંબરવાર પુરુષાર્થ અનુસાર અનુભવમાં લાવવાનું ચાલે છે.

ઈશ્વરીય મહાવાક્ય છે કે **જ્યાં શ્રેષ્ઠ વિધિ છે ત્યાં સિદ્ધિ જરૂર છે.** (1-5-84) બાબાએ આપણને ભિન્ન ભિન્ન સંકલ્પો, સ્વમાન, વરદાનો આપ્યાં છે. તેની અનુભૂતિ કરવાથી

આત્મા ઉમંગ, ઉત્સાહ, શક્તિ અને આંતર સમૃદ્ધિનો અનુભવ કરે છે. **દાદી પ્રકાશમણિજીની જેમ અન્ય આત્માઓમાં પોતાનાપણાની લાગણી જન્માવી શકીએ. નિષ્કામ, નિઃસ્વાર્થ વ્યવહાર હોય તો દિવ્ય અનુભૂતિઓનાં દ્વાર ખૂલે છે.**

સાકાર અને અવ્યક્તવાણીઓમાં મીઠા મીઠા બાપદાદાએ ભિન્ન ભિન્ન વિષયો આપીને તેની અનુભૂતિ કરવાનું ગૃહકાર્ય સોંપેલું છે તે પ્રમાણે પુરુષાર્થ કરનાર આત્મા અનુભૂતિઓથી સમૃદ્ધ બને છે. લૌકિક માનવ ભૌતિક સંપત્તિ અને સત્તાથી સમૃદ્ધિનો અનુભવ કરે છે જ્યારે રાજયોગી દિવ્ય અનુભૂતિઓની સમૃદ્ધિથી પ્રસન્નતા અનુભવે છે.

યોગ્યતા

સ્ફટિક જેવું નિર્મળજીવન એ દિવ્ય અનુભૂતિઓની આધાર શિલા છે. યાદ અને સેવા જેની રગરગમાં છે એવા સાધકને દિવ્ય અનુભૂતિઓ સ્વાભાવિક રીતે થાય છે. શ્રેષ્ઠ કર્મ અને દૃઢ મનોબળથી દિવ્ય અનુભૂતિનો રાહ સરળ બની જાય છે. **તીવ્ર પુરુષાર્થ એ વાવણી છે તો દિવ્ય અનુભૂતિઓ તેની લણણી (ફળ) છે.** રાજયોગપથમાં દિવ્ય અનુભૂતિઓ સાહજિક છે અર્થાત્ પુરુષાર્થનો રાહ યથાર્થ છે. અનુભૂતિ માટે અમૃતવેળા અને સાયંકાળે વરદાની સમય છે. આમ છતાં પરમાત્મ પ્રેમ, દૃઢ મનોબળ અને તીવ્ર પુરુષાર્થથી અન્ય સમયને પણ શક્તિશાળી બનાવી શકાય છે.

મન, વાણી અને કર્મમાં પવિત્રતા અપનાવનાર રાજયોગી માટે દિવ્ય અનુભૂતિઓ સહજ બની જાય છે. દેહ અભિમાનને ઓગાળી દેહી અભિમાન, એકરસ સ્થિતિમાં રહેનાર અને નિરંતર હકારાત્મક અને વિશ્વકલ્યાણી સંકલ્પો કરનાર બ્રહ્માવત્સના અંતરમનમાં દિવ્ય અનુભૂતિનું ઝરણું વહ્યા કરે છે. અવાજમાં આવવું અને અવાજથી દૂર રહેવું આ કળા જેણે શીખી લીધી છે તે આત્મા દિવ્ય અનુભૂતિ કરી શકે છે. મુખનું અને મનનું મૌન રાખીને ઈશ્વરીય યાદમાં લવલીન બની જવાથી દિવ્ય અનુભૂતિ થાય છે. જીવનમાં તક કોઈ આપતું નથી. આપણે એ તકને ઝડપી લેવાની છે. **અનુભૂતિ એ કોઈ ઊછીની ચીજ નથી. એ તો અંતરના ઊંડાણથી આત્મસાત્ કરવાની છે.**

વૈવિધ્ય

દિવ્ય અનુભૂતિઓ વૈવિધ્યસભર હોય છે. તેમાં સતયુગી સૃષ્ટિ, શ્રેષ્ઠ પ્રારબ્ધ, શ્રેષ્ઠ સંગ, જીવન પરિવર્તન, અતીન્દ્રિય સુખ, ભવિષ્યમાં બનનારી ઘટનાઓની સાંકેતિક ઝાંખી, કર્મોના હિસાબકિતાબ, મનસા સેવાના પ્રયોગો, વ્યર્થ મુક્તિની ઢાલ, મહાન આત્માઓનું પ્રેરણાદાયી જીવન, જીવનની ધન્યતા, યજ્ઞ માટે ત્યાગ, તપસ્યા, સેવા, સમર્પણ, એમ વિવિધતા સભર હોય છે તેમાંથી જો કંઈક નક્કર મેળવીએ તો જીવનધન્ય બને છે.

ફલશ્રુતિ

દિવ્ય અનુભૂતિ આચરણમાં અભિવ્યક્ત થાય ત્યારે પરિમલ પ્રસરે. **દિવ્ય અનુભૂતિનો આયનો એ રાજયોગીનું મુખારવિંદ છે.** દિવ્ય અનુભૂતિ નેત્રોને દિવ્ય બનાવે છે. જેથી નારીને શક્તિરૂપ, જગતમાતા, દેવી સ્વરૂપે નિહાળવાનું નૈસર્ગિક બની જાય છે. **બુદ્ધિ દિવ્ય બને છે ત્યારે પરમાત્મ ટચીંગની અનુભૂતિ થાય છે.** અન્ય સાધકોની સાંભળેલી અનુભૂતિઓ એ ટોલી (પ્રસાદ) છે પણ સ્વયંની મૌલિક અનુભૂતિએ રસથાળ છે. દિવ્ય અનુભૂતિઓ કરનાર આત્મા કર્મોના હિસાબકિતાબને લીધે જન્મેલી પરિસ્થિતિમાં શૂળીનો ઘા સોયથી સર્યો હોવાનું

અનુભવે છે.

દિવ્ય અનુભૂતિઓ કરનાર આત્મા માયાનાં તોફાનોથી સુરક્ષિત રહે છે. આદિ રત્નોએ કરેલી દિવ્ય અનુભૂતિઓએ જ તેમને મહાનત્યાગ, સમર્પણની પ્રેરણા અને સહનશીલતાનું અદ્દ્ભુત બળ આપ્યું. કર્ણરસથી પ્રભાવિત આત્મા ક્યારેક ચાલ્યો જાય છે. પણ દિવ્ય અનુભૂતિઓ કરનાર આત્મા યજ્ઞ સાથે જોડાયેલો રહે છે. **યોગની અનંતશક્તિ, ઈશ્વરીય શક્તિઓની અનુભૂતિ કરાવે છે.** બ્રહ્માબાબાનું જીવન એ દિવ્ય અનુભૂતિઓનો અમૂલ્ય ભંડાર છે. જો આપણે સહૃદયી બનીને તેનું અનુસરણ કરીએ તો આપણું જીવન પણ દિવ્ય અનુભૂતિઓથી ધન્ય બને છે.

પરમાત્મા સાથે બાપ, શિક્ષક, સદ્દ્ગુરુ, માતા, સાજન, સખા, બંધુ વગેરે સંબંધોની અનુભૂતિ કરવાથી આત્મા શક્તિશાળી બને છે. યોગમાં નવીનતા આવે છે, પ્રસન્નતામાં વૃદ્ધિ થાય છે. પરમાત્માના બન્યા પછી થયેલા જીવન પરિવર્તન, ગુણો, શક્તિઓ, વિશેષતાઓ અને દિવ્ય પ્રાપ્તિઓની અનુભૂતિ કરવાથી આત્મા સમૃદ્ધ, શક્તિશાળી અને દૃઢમનોબળ યુક્ત બને છે. અનુભૂતિઓનો એટલો સ્ટોક જમા કરવાનો છે જેથી આવનારી વિકટ પરિસ્થિતિઓમાં અચલ, અડોલ, એકરસ, પ્રસન્ન રહી શકાય.

અનુભૂતિ વિશે ઈશ્વરીય મહાવાક્યો

ઈશ્વરીય સુખની અનુભૂતિ થવાથી ઈન્દ્રિયોના સુખોનું આકર્ષણ સમાપ્ત થઈ જાય છે. ઈન્દ્રિયોનું સુખ જ દુ:ખનું કારણ છે.

વિશેષ ચેક કરો કે સંગમયુગની સર્વ પ્રાપ્તિઓ કરી લીધી છે ? સર્વ ખજાનાઓ સામે રાખો, સર્વ સંબંધ સામે રાખો, સર્વગુણ સામે રાખો, કર્તવ્ય સામે રાખો અને ચેક કરો કે સર્વ વાતોમાં અનુભવી બન્યા છો ? જો કોઈપણ અનુભવ રહી ગયો હોય તો એ અનુભવને સંપન્ન બનાવો.

તપસ્યામાં ત્રણ ભિન્ન ભિન્ન સ્થિતિઓનો અનુભવ કરવાનો છે. એક બાપનો સ્નેહ સંબંધથી અનુભવ કરવાનો છે. બીજું શક્તિસ્વરૂપનો અનુભવ કરવાનો છે. ત્રીજો સ્વીટ સાયલેન્સ સ્વરૂપનો અનુભવ કરવાનો છે. સ્વીટ સાયલેન્સ સ્થિતિને બીજરૂપ સ્થિતિ પણ કહે છે. જે સ્થિતિમાં સર્વ રસ ભરેલા છે. તો આ ત્રણેય સ્થિતિઓનો અનુભવ કરવાનો છે.

સંગમયુગના અતિમૂલ્યવાન સમયમાં દિવ્ય અનુભૂતિઓથી સંપન્ન બનીને બાપની પ્રત્યક્ષતા માટે નિમિત્ત બનીએ એજ શુભકામના.

॥ ઓમશાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

(પેજ નં. 11નું અનુસંધાન)... આ રીતે થશે
સંસ્કાર મારા છે.

યોગાભ્યાસ

તો આજે આખો દિવસ આપણે પોતાના દિવ્ય સંસ્કારોને જોઈશું. વિશેષ રૂપે આપણે ભવિષ્ય સ્વરૂપના નશામાં રહીશું. મારું સ્વરૂપ તો આ છે. આપણા દેવ સ્વરૂપને વારંવાર ઈમર્જ કરતા રહીશું અને બાબા સાથે બુદ્ધિયોગ લગાડીશું કે બાબા આપ અમને આટલું મોટું ભાગ્ય આપી રહ્યા છો. અમારા સૂતેલા ભાગ્યને જગાડો છો. આજે બાબાની સાથે વાતો કરતા રહીશું. એમને ધન્યવાદ આપતા રહીશું. અને એ અનુભવ કરીશું કે બાબા, સર્વશક્તિવાન અમારા શિર પર છત્રછાયા છે.

॥ ઓમશાંતિ ॥

ખુશી

રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, અધિક મુખ્ય પ્રશાસિકા, માઉન્ટ આબુ



સૌની આંખોમાં કોણ સમાયેલું છે ? મારા બાબા. દરેકના દિલમાં દિલારામ છે. દિલારામ કહી રહ્યા છે દિલારામના પ્યારા આત્માઓ કેમ છો ? આપની જે ગૃહસ્થી છે યા કારોબાર છે એને ચલાવનાર સૂક્ષ્મમાં કોણ છે ? આપને મદદ કોણ કરી રહ્યું છે ? મારા બાબા. મારા છે ને ? તેથી તો દિલથી કહો છો મારા બાબા. કારણ કે બાબા દિલમાં સમાઈ ગયા છે. અર્થાત્ બાબાની યાદ આવે છે. બાબાની યાદથી જે મેળવવા ઈચ્છો તે મેળવી શકો છો.

કોઈને ઉદાસી આવે છે તો બાબા સાથી બનીને બહેલાવે છે. કોઈ આત્મા રડે તે બાબાને સારું લાગતું નથી. બાબા કહે છે હસો. બાહ્ય રીતે હસો નહીં પણ દિલમાં એવી ખુશી હોય કે નસનસમાં લાગે કે હસી રહ્યા છે. કારણ આપણા માટે જ ખુશી છે. બીજા કોના માટે છે ? ખુશી પણ કોનામાં આવવા ઈચ્છે છે ? જે આપણા જેવા બાબાના બાળકો બન્યા છે. તો સૌની અંદર ખુશી તો છે ને ? કદી ખુશી ગુમાવતા તો નથી ને ? ભલે નાની મોટી વાત આવે, ખુશ રહો. ખુશી તો આપણી ચીજ છે ને ? બાબાએ ખુશી આપી છે તો આપણી ચીજ આપણી પાસે છે તો શું જોઈએ ? બાબા મળે છે ત્યારે સૌને કેવી ખુશી થાય છે.

બાબા જ છે ખુશીના દાતા. કોઈ નુકસાન પણ થાય પરંતુ નુકસાનને જોઈને કોઈ રડે, બહારથી નહીં પણ આંખોમાં થોડો ફરક પડી જાય છે. તો પણ બાબા પકડી લે છે. બાબા કહે છે, બાબાનો બાળક અને ચહેરો કેમ બદલાઈ ગયો ? બાબા ખુશીના સાગર છે અને બાળકો માસ્ટર સાગર તો છે ને ? તો ચહેરો હંમેશાં હસતો રહેવો જોઈએ. જેથી એમને જોનારા પણ પ્રસન્નતાનો અનુભવ કરે. પુરુષાર્થમાં ક્યારેક પેપર આવી જાય છતાં પણ તીવ્ર પુરુષાર્થ કરીને તેને વ્યવસ્થિત કરીએ પણ નારાજ થશો નહીં. લોકો કહેશે આમ તો સદા ખુશ રહે છે તો ઉદાસી કેમ આવી ગઈ ? ઉદાસીનતાથી દૂર રહો કારણ કે તે ફરી ફરી આવે નહીં. બ્રહ્માકુમાર - બ્રહ્માકુમારી એટલે ખુશીના સંસારમાં રહેનારા. ખુશીની દુનિયા સિવાય એની પાસે બીજી કોઈ દુનિયા નથી. દિલમાં બાબા છે તો ચહેરો હંમેશાં ખુશ રહેશે.

આપ પોતાની ખુશી સ્થિતિનો ફોટો કાઢો અને જ્યારે કોઈ સમસ્યાઓ આવે ત્યારનો ફોટો કાઢો. તેમાં કેટલો તફાવત જોવા મળે છે. આવા બાબા ફરીથી ક્યારે મળશે ? સતયુગ આવી જાય, છતાં આવા બાબા નહીં મળે. બાબા જ આપણા સર્વસ્વ છે. આ અનુભવ નથી કર્યો તો સમગ્ર કલ્પ એળે ગયું. ખુશ રહો અને સૌને ખુશી વહેંચો.

આ દુનિયાના મનુષ્ય જોઈએ. કોઈ ઘટના બની ગઈ તો કહેશે બહેનજી, શું કરું ? પછી એ જ રડવાનું, એજ કથા શરૂ થઈ ગઈ. અત્યારે તો બ્રહ્માવત્સોની તો દુનિયા જ બદલાઈ ગઈ છે. જે કંઈ થઈ ગયું. તેને યાદ ના કરીએ. ગમે ત્યારે કાળનું હોર્ન વાગશે તે કહી શકાય એમ નથી. એ સમયે શું કરીશું ? એ વખતે આંસુ લૂછવામાં જ સમય ચાલ્યો જશે. આવું ના થાય તે માટે તૈયાર થઈ જાઓ. બાબા આપણી સાથે છે. જે હજારોને

(અનુસંધાન પેજ નં. 20 પર)

ભારતનો પ્રાચીન અને વાસ્તવિક યોગ

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી

આ વિરાટ સૃષ્ટિમાં અનેકાનેક પ્રકારના યોગ પ્રચલિત છે. તેની ચર્ચા સાંભળીને લોકોના મનમાં પ્રશ્ન ઉઠે છે કે આ બધાંમાંથી વાસ્તવિક યોગ કયો છે ? તેઓ જાણવા ઈચ્છે છે કે જે યોગ દ્વારા મનુષ્યને મનની શાંતિ મળે છે. તે પ્રભુથી મિલન મનાવે છે, અતુલ્ય આનંદ પ્રાપ્ત કરે છે તથા એની અવસ્થા અવ્યક્ત અને એકરસ રહે છે તે યોગ કયો છે ? જે યોગ દ્વારા વિકર્મ દગ્ધ થાય છે અને મનુષ્ય મુક્તિ અને જીવનમુક્તિ (દેવપદ) પ્રાપ્ત કરી શકે છે તથા પવિત્રતા, દિવ્યતા અને આત્મિક સુખની અપાર પ્રાપ્તિ કરી શકે છે. એ યોગની ઓળખ કઈ છે ? આ સર્વ પ્રશ્નોનો એક સાચો ઉત્તર મેળવવા માટે પહેલાં 'યોગ' શબ્દનો સાચો સરળ અર્થ જાણવો જરૂરી છે.

યોગ શબ્દનો વાસ્તવિક અર્થ

યોગનો અર્થ છે જોડવું. (connection) અથવા મિલાપ. (Union) આધ્યાત્મિક ચર્ચામાં 'યોગ' શબ્દનો ભાવાર્થ 'આત્માનો પરમાત્મા સાથે સંબંધ જોડવો.' અથવા પરમાત્મા સાથે મિલન મનાવવું છે. કેટલાક ગ્રંથકાર કહે છે કે 'યોગ'નો અર્થ છે 'ચિત્તની વૃત્તિઓનો નિરોધ'. વાસ્તવમાં ચિત્તને એકાગ્ર (Concentrat) કરવું. એ એક જરૂરી અંગ તો છે. પરંતુ માત્ર વૃત્તિ નિરોધને યોગ સમજવો એ બરાબર નથી. વૃત્તિઓને અટકાવીને પરમાત્મામાં એકાગ્ર થવું જરૂરી છે. ત્યારે એને યોગ કહી શકાય. જો પ્રભુથી મિલન નથી, એમની સાથે સંબંધ જોડવામાં ના આવે તો એને યોગ કહી શકાય નહીં. એકાગ્રતાનો અભ્યાસ તો વૈજ્ઞાનિકો તથા સંશોધન કાર્ય (Research) કરનારાઓને પણ હોય છે પરંતુ તેને યોગ કહી શકતા નથી. યોગ તો પ્રભુમાં તલ્લીનતા અથવા તન્મયતાનું નામ છે. તે તો ઈશ્વરીય લગનમાં મગન હોવાનો સૂચક છે. તે તો આત્મા અને પરમાત્માના મિલાપનો પરિચાયક છે.

મોટે ભાગે સર્વ પ્રભુપ્રેમી લોકો માને છે કે પરમાત્મા સર્વ આત્માઓના પરમપિતા છે. 'ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ' વગેરે શબ્દો દ્વારા તેઓ આ પારલૌકિક સંબંધનું ગાયન પણ કરે છે. હવે પ્રશ્ન એ ઉઠે છે કે જ્યારે આત્મા અને પરમાત્માની વચ્ચે પિતા-પુત્રનો સંબંધ છે તો 'જોડવું' શબ્દનો શો અર્થ છે ?

આત્માનો પરમાત્મા સાથે સંબંધ અથવા મિલન

એનો ઉત્તર એ છે કે આત્મા અને પરમાત્મા સાથેનો સંબંધ આજે માત્ર કહેવા પૂરતો જ રહ્યો છે તે વાસ્તવિક જીવનમાં બિલકુલ નથી. નહીંતર પરમાત્માની સાથે આત્માના માતા, પિતા, સખા, સ્વામી વગેરે જે સંબંધોનું ગાયન છે તે તો ઘણા જ ગહન ઉચ્ચ અને નજીકના સંબંધ છે. એનો તો જીવનમાં ઘણો ગહન અનુભવ તથા પ્રભાવ પણ હોવો જોઈએ તથા એમના દ્વારા કોઈ ઉચ્ચપ્રાપ્તિ પણ હોવી જોઈએ. આપણે જોઈએ છીએ કે આજે મનુષ્યના જીવન પર એ સંબંધોનો કોઈ પ્રભાવ નથી અને એના દ્વારા થનારી પ્રાપ્તિ અર્થાત્ પૂર્ણ સુખ શાંતિ પણ નથી. એટલે અમે કહીએ છીએ કે

પરમાત્મા સાથે મનુષ્યાત્માનો પિતા પુત્રનો સંબંધ તો છે પરંતુ આજે તે જોડાયેલો નથી.

તે સંબંધ આજે માત્ર કહેવા પૂરતો જ રહી ગયો છે. પિતા પુત્રનો કેવો સંબંધ રહે છે. પુત્ર પિતાથી અલગ થઈને બીજા દેશમાં જતો રહ્યો છે. ત્યાં તે પિતાને સ્નેહથી યાદ કરતો નથી. એમની સાથે યોગ્ય પત્રવ્યવહાર પણ કરતો નથી. એમની આજ્ઞાઓ અને કુળની મર્યાદાઓ મુજબ ચાલતો પણ નથી. માત્ર જરૂર પડે તો પિતાના નામનો ઉપયોગ કરે છે.

તેથી યોગનો અર્થ સ્પષ્ટ જાણ્યા પહેલાં એ જાણવું જરૂરી છે કે પરમાત્મા સાથે સંબંધ જોડવો એનો શો અર્થ છે અને એના માટે આપણે શું કરવાનું છે ?

પ્રભુનો પરિચય પ્રાપ્ત કરીને 'ઈશ્વરીય સ્મૃતિ'ની સ્થિતિમાં રહેવું તે યોગ છે.

સંબંધ જોડવાનું પહેલું સાધન છે પરિચય, ઓળખ તથા જ્ઞાન. બાળપણમાં તો માત્ર માતા-પિતાના નામ રૂપનો જ પરિચય મળે છે પરંતુ સમજણ વધતાં બાળક જ્યારે પોતાના પિતાની સામે જાય છે અથવા પોતાના પિતાની સ્મૃતિ થાય છે તો સ્વયંને તેમના પુત્રનો અનુભવ થાય છે. સમય જતાં પિતાના નામ રૂપનું જ્ઞાન થાય છે. પિતા કયો ધંધો કરે છે અને કયા દેશ અને નગરના નિવાસી છે. પછી એને ખબર પડે છે કે પિતાની મૂડી, સંપતિ અથવા આર્થિક, સામાજિક સ્થિતિ કેવી છે. એમનામાં કયા ગુણ છે. એમનુ કૂળ, ધર્મ કયો છે. તેથી આ સમગ્ર પરિચય અને નિશ્ચયના આધારે એની બુદ્ધિમાં પોતાના પિતાની સ્મૃતિ રહે છે. તેથી તો પિતાની આર્થિક સ્થિતિ જાણીને તે મુજબનો ખર્ચ કરે છે. તેના કુળ, ધર્મ અનુસાર તે કર્મ કરે છે. રીતિરિવાજ પણ દેશ અને વંશને ધ્યાનમાં રાખીને કરે છે.

યોગ માટે પરમપિતા પરમાત્મા સાથે સંબંધ જોડવો એ જરૂરી છે. સૌથી પહેલાં તો મનુષ્યને પરમાત્માના ગુણવાચક નામ, જ્યોતિર્મય રૂપ, પરમધામ, ઈશ્વરીય ગુણ, દૈવી સંપત્તિ વગેરેનો યથાર્થ પરિચય હોય. ત્યારે તે એમનામાં નિશ્ચય (Faith) કરે અને એ આધાર પર પરમાત્માની સ્મૃતિમાં રહે. એ સ્મૃતિમાં એકાગ્રતાની સ્થિતિ જ યોગ છે.

પ્રભુના પ્રેમમાં એકાગ્રતા અથવા લગનમાં મગ્ન રહેવું એજ યોગ છે.

પિતા-પુત્ર, પતિ-પત્ની, સખા-સખી, પ્રેમી-પ્રેમિકા વગેરેના સંબંધમાં આપણે જોઈએ છીએ કે એમનો જેટલો ઘનિષ્ઠ અને નિકટનો સંબંધ હોય છે એટલો જ એક બીજા પ્રત્યે અગાધ પ્યાર અને સ્નેહ હોય છે. એક બીજાની યાદ એમના મનમાં એવી તો વસી જાય છે કે ભૂલવા છતાં ભૂલી શકાતી નથી. તેઓ એકબીજાની લગનમાં મગન હોય છે. કોઈ વ્યક્તિ ઓફિસમાં કામ કરે છે છતાં પણ એના મનમાં એ ભાન રહે છે કે હું બાળકોવાળો મનુષ્ય છું. એ બાળકો અને પત્ની માટે મારે ધંધો કરીને કંઈક કમાવવું પડશે. સાંજે તે ઓફિસમાંથી ઘેર પાછો ફરે છે ત્યારે પણ એ વિચારે છે કે બાળકો, પત્ની માટે મારે અમુક અમુક ચીજો લઈ જવાની છે. શાળામાં ભણનાર બાળકો ઈચ્છે છે કે રજા મળે તો પોતાનાં માતા-પિતા, ભાઈ-બહેનોને અથવા સખા-સખીઓને મળે.

પરમપિતા પરમાત્મા સાથે સંબંધ જોડવો અથવા એમની સાથે યોગયુક્ત હોવાનો અર્થ પણ મનને એમની લગનમાં મગન કરવાનો અથવા બુદ્ધિને એમની સ્મૃતિમાં સ્થિત કરવાનો છે. મનુષ્ય કોઈની લગનમાં જેટલો મગન હોય છે,

એટલું જ એને બીજું બધું ફીકું લાગે છે અને અન્ય સર્વ તરફથી એનું મન ઉપરામ બને છે. તેથી બુદ્ધિ દ્વારા પરમપિતા પરમાત્માની સ્મૃતિનું રસપાન કરવામાં લાગેલો આત્મા વાસ્તવમાં યોગયુક્ત છે.

પરમપિતા પરમાત્માની શ્રેષ્ઠ મત પર ચાલવું એ જ યોગ છે.

જે બાળકનો સંબંધ પોતાના પિતા સાથે જોડાયેલો હોય છે તે પિતાની મત પર ચાલે છે. મત ના લઈને મન માની કરવી એ સિદ્ધ કરે છે કે બાળકને પિતાનો, સેવકને સ્વામીનો, વિદ્યાર્થીને શિક્ષકનો, પુરુષાર્થીને માર્ગદર્શક માટે જ સન્માન તથા સ્નેહ હોવો જોઈએ તે નથી અર્થાત્ શારીરિક સંબંધ ભલે હોય પણ હાર્દિક અથવા માનસિક સંબંધ નથી. તેથી પરમપિતા પરમાત્મા સાથે સંબંધ જોડવાનો ભાવ એ છે કે આપણે એમની મત ઉપર ચાલીએ. પરમપિતા પરમાત્મા માત્ર ‘મનમનાભવ’ ‘મામેવ બુદ્ધિ નિવેશ્ય’, ‘મામેકં શરણં વ્રજ’ (અર્થાત્ મારી સ્મૃતિમાં સ્થિત થાઓ, અને મારા પ્રત્યે અર્પણમય થાઓ) વગેરેનો જ આદેશ આપતા નથી પણ એ પણ કહે છે કે ‘તૂં મારી મત અનુસાર ચાલ, હું તને એવી ઉત્તમ મત આપીશ જેનાથી તું સંસાર સાગરને તરીને મુક્તિ તથા જીવનમુક્તિને પ્રાપ્ત કરીશ.’ તેથી યોગયુક્ત રહેવાનો અર્થ મનુષ્ય મત યા માયાની મત પર ન ચાલતાં એક પરમપિતા પરમાત્માની જ સર્વશ્રેષ્ઠ મત પર ચાલવું છે.

જ્યારે પરમાત્માનું અવતરણ થાય ત્યારે જ પરમાત્મા સાથે વાસ્તવિક યોગ સંભવ છે.

જ્યારે પરમાત્માનું અવતરણ થાય ત્યારે જ પરમાત્મા સાથે વાસ્તવિક યોગ સંભવ છે. પરમાત્મા પોતાના ગુણવાચક નામ, જ્યોતિર્મય રૂપ, પરમધામ, ઈશ્વરીય ગુણ, દિવ્યકર્મ, સ્વભાવ, પ્રભાવ, સંપત્તિ વગેરેનો સાચો અને સંપૂર્ણ પરિચય (જ્ઞાન) આપે, એ પરિચયનો પ્રેક્ટિકલ અનુભવ કરાવે અને પોતાની શ્રેષ્ઠ મત પણ જણાવે ત્યારે જ પરમાત્મા સાથે વાસ્તવિક યોગ સંભવ છે. જ્યાં સુધી પરમપિતા પરમાત્મા સ્વયં અવતરિત ના થાય ત્યાં સુધી મનુષ્યને સત્યજ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. આ કારણે ગીતાના ભગવાનનાં મહાવાક્યો છે, ‘હે વત્સ, પહેલાં પણ આ યોગ મેં શીખવાડ્યો હતો. બાદમાં એનો પ્રભાવ તો રહ્યો પરંતુ સમય જતાં આ યોગ પ્રાયઃ લુપ્ત થઈ ગયો તેથી હવે ફરીથી હું આ ગુહ્યતમ અને સર્વોત્તમ યોગ તને શીખવાડવા માટે અવતરિત થયો છું. આ યોગ વિશે તું મારાં જ વચનોને સાંભળ.’ આની તુલનામાં અન્ય સર્વ પ્રકારના યોગ મનુષ્યકૃત છે અને એમના દ્વારા માત્ર અલ્પકાળ માટે જ સ્વાસ્થ્ય, સુખ યા શાંતિની પ્રાપ્તિ થાય છે.

આ યોગ અતિ સહજ છે.

પરમાત્મા દ્વારા શીખવાડવામાં આવેલા ઉપરોક્ત યોગનો અભ્યાસ કરવા માટે મનુષ્યને કોઈ આસન-પ્રાણાયામ યા હઠક્રિયા વગેરે નથી કરવું પડતું, એના માટે ઘરબાર છોડવાં પડતાં નથી. પરંતુ પ્રવૃત્તિમાં રહેવા છતાં યોગયુક્ત થઈને મુક્તિ તથા જીવનમુક્તિની પ્રાપ્તિ કરી શકે છે.

આ સર્વોત્તમ યોગનાં અન્ય નામ

આ યોગ પરમપિતા પરમાત્માના તથા આત્માના જ્ઞાન પર જ આધારિત છે. એટલે એને જ ‘જ્ઞાનયોગ’ પણ કહેવામાં આવે છે આ યોગનો અભ્યાસ કરનાર મનુષ્ય કર્મ કરવા છતાં પણ આ જ્ઞાનના આધારે પરમપિતાની સ્મૃતિમાં રહે છે એટલે એને ‘કર્મયોગ’ પણ કહેવામાં આવે છે. એનું એક નામ ‘સંન્યાસ યોગ’ પણ હોઈ શકે છે

(અનુસંધાન પેજ નં. 20 પર)

આ રીતે થશે સંસ્કાર પરિવર્તન

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ

પરમપિતા પરમાત્મા શિવબાબા આપણને મનુષ્યમાંથી દેવતા બનાવવા આવ્યા છે. આપણા મનને, આપણી બુદ્ધિને અને આપણા સંસ્કારોને પૂરા સ્વચ્છ કરીને, એને મૂળ સ્થિતિ પર લઈ જવા માટે આપણને જ્ઞાન આપી રહ્યા છે. આપણે સ્વયંને ઓળખતા જઈએ અને મનને નિર્મળ બનાવતા રહીએ. બુદ્ધિને સ્વચ્છ અને સદ્‌વિવેકથી ભરપૂર કરતા જઈએ અને પોતાના સંસ્કારોને સુખદાયી, ઘણા જ પવિત્ર અને આપણા સંસ્કારો સતયુગમાં જેવા હતા તેવા બનાવતા જઈએ. કેટલાકના સંસ્કાર એમને ઘણા પરેશાન કરે છે. કોઈને કામના સંસ્કાર બહુ જ હોય છે તો વિષય વિકારો વગર રહી જ શકતા નથી. કોઈનામાં ક્રોધના સંસ્કાર હોય છે તો નાની નાની વાતોમાં પણ ક્રોધ કરતા રહે છે. કોઈનામાં રિસાઈ જવાના સંસ્કાર હોય છે. કોઈનામાં જિદ કરવાના સંસ્કાર હોય છે. કોઈનામાં દુઃખી રહેવાના સંસ્કાર હોય છે. તો કોઈનામાં કડવા વચન બોલવાના સંસ્કાર હોય છે. બીજાઓનું જોવાના સંસ્કાર, સદા બીજાઓ માટે વિચારવાના સંસ્કાર અર્થાત્ પરચિંતનના સંસ્કાર - આ સર્વ સંસ્કારો આપણે બદલવાના છે. આપણા સંસ્કાર તો ઘણા ડિવાઈન (દિવ્ય) છે. યાદ કરો પોતાના એ સુંદર સ્વરૂપને, સતયુગી સ્વરૂપને, યાદ કરો પોતાના પૂજ્ય સ્વરૂપને જેમાં આપણે દાતા છીએ. જેમાં કોઈની પાસેથી કંઈ પણ લેવાની આપણામાં ઈચ્છા નથી. આપણે માત્ર આપનારા છીએ. કેટલાકમાં માગવાના સંસ્કાર હોય છે. માન શાનની પાછળ ભાગવાના સંસ્કાર હોય છે. જેમાંથી માન મળવાનું હોય તેવાં કર્મો તેઓ કરે છે. જો માન નથી મળતું તો સેવાઓને છોડી દે છે. આ સર્વ સંસ્કારોનો આપણે સંપૂર્ણ રીતે ત્યાગ કરવાનો છે. તો પોતાનું એક સંપૂર્ણ સ્વરૂપ પોતાની સામે રાખો. પોતાનાથી દૂર એક ચિત્ર બનાવી લઈએ. આ છે મારું સંપૂર્ણ સ્વરૂપ જેમાં મારા સંસ્કાર સંપૂર્ણ સુખદાયી છે. વિદેહી સ્થિતિના સંસ્કાર, સંપૂર્ણ પાવન અને નિર્મળ. બિલકુલ નિશ્ચિંત. જેમાં કોઈ મેલ નહીં. જેમાં કોઈ ચિંતાઓ નહીં. જે ઘણા લાઈટ છે. હળવા રહેવાના સંસ્કાર છે. આપણું સ્વરૂપ આપણી સામે બનાવીએ. સ્વયંને સંકલ્પ આપો કે મારા સંસ્કાર દૈવી છે. સાધારણ નહીં. વર્તમાનના આ સંસ્કાર મારા સંસ્કાર નથી.

ઘણી સારી મનોવૈજ્ઞાનિક વિધિ છે સ્વયંને ટ્રેનીંગ આપવાની. જે આપણા વર્તમાન સંસ્કાર છે, જેને કારણે સંગઠનોમાં, પોતાના પરિવારોમાં યા સેવાઓમાં સફળ થઈ શકતા નથી. શાંતિમય વાતાવરણ રાખી શકતા નથી. આ સંસ્કારો માટે આપણે રોજ પાંચ વાર સ્વયંને એ અનુભવ કરાવો કે આ મારા સંસ્કાર નથી. તે તો રાવણના સંસ્કાર છે. આ પરાયા સંસ્કારોને મેં પોતાના કેવી રીતે માની લીધા. હું કઈ રીતે કહી શકું કે મારામાં ફીલીંગ (લાગી આવવું) ના સંસ્કાર છે. આ સંસ્કાર મારામાં છે જ નહીં. આ તો માયાવી સંસ્કાર છે. મારા સંસ્કાર તો એ છે જે સામે ઊભા છે. લક્ષ્મી નારાયણના. આ રીતે પોતાના સ્વરૂપને જોતાં પોતાનામાં વારંવાર શક્તિશાળી સ્મૃતિ અપાવો કે આ મારા સંસ્કાર નથી. તો સંસ્કાર બદલતા જશે. જે ખોટા સંસ્કારો આપણામાં છે તેનો અસ્વીકાર કરી દીધો છે. એટલે તો એ સંસ્કારો આપણો સાથ છોડીને ચાલ્યા જશે. દૈવી સંસ્કારોનો આપણે સ્વીકાર કરી લઈશું. આ

(અનુસંધાન પેજ નં. 06 પર)

માતેશ્વરી બ્રહ્માકુમારી સરસ્વતીજી

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી

24, જૂન 1965ના દિવસે માતેશ્વરી બ્રહ્માકુમારી સરસ્વતીજીએ પોતાના પાર્થિવ દેહનો ત્યાગ કર્યો હતો. આમ તો એમને પહેલાંથી જ દેહમાં મોહ-મમતા નહોતી. તેઓ 'નષ્ટોમોહા' સ્મૃતિર્લબ્ધા'ની સ્થિતિમાં જ હતાં. એમણે પોતાનું શરીર ઈશ્વરીય સેવામાં સમર્પિત કર્યું હતું. તેઓ સર્વજન હિત માટે વ્યસ્ત હતાં. એમને મૃત્યુનો ભય નહોતો. આ દુનિયામાંથી જવાનો અફસોસ નહોતો. તેઓ કોઈ અપૂર્ણ ઈચ્છાથી ગ્રસિત નહોતાં, ઉપરામ હતાં. એમનું શરીર એમની કપરી પરીક્ષા લઈ રહ્યું હતું. આમ છતાં તેમણે પોતાની માનસિક સમતુલા જાળવી રાખી હતી. 'હું કોણ છું. ક્યાંથી આવી છું અને મારે ક્યાં જવાનું છે ?' આ સ્મૃતિ અને સ્થિતિ સ્પષ્ટ હતી. તેથી તેઓ વિચલિત થયાં નહીં.

રોગ વિકરાળ, આત્મ નિયંત્રણ અદ્ભુત

શરીર છોડતાં પહેલાં એમણે મધુવનમાં ઉપસ્થિત સર્વ બ્રહ્માવત્સોને પોતાના હાથે ફળ રૂપી પ્રસાદ આપ્યો અને યોગ સ્થિર નયનોથી મુલાકાત પણ કરી. એ મુલાકાતમાં વિદાય પણ સમાયેલી હતી. મૂક ભાષામાં અને પોતાના પ્રકાશમાન મુખ મંડલથી એમને જે કહેવાનું હતું તે કહી દીધું. જો કે શરીર તોફાન લાવી રહ્યું હતું છતાં પણ તેઓ સૌની સામે સ્થિર બેઠાં હતાં એમના ચહેરા ઉપરથી શાંતિ વરસી રહી હતી. જો કોઈને જોવું હોય કે યોગીનું મન પોતાના તન પર કઈ રીતે વિજય પ્રાપ્ત કરી શકે છે તો આ દૃશ્ય એમના માટે એક પ્રત્યક્ષ

ઉદાહરણનું કામ કરી શકે છે. રોગ ભલે વિકરાળ હતો પરંતુ માતેશ્વરીજીનું આત્મનિયંત્રણ એનાથી અધિક અજોડ અને અદ્ભુત હતું. શરીરની અવસ્થા તો કષ્ટ ઉત્પન્ન કરી રહી હતી. પરંતુ આત્મા એનાથી આગળ વધીને એના ધ્યેય તરફ જવા માટે ઉત્સુક હતો.

જીવનકાળમાં મન વચન કર્મની એકતા

મોટે ભાગે એવું કહેવાય છે કે વ્યક્તિ દ્વારા કરવામાં આવતાં નકારાત્મક કર્મ અંતિમ ઘડીમાં એની સામે આવે છે. આ સંદર્ભમાં માતેશ્વરીજીની સ્થિતિ પર વિચાર કરવામાં આવે તો એમનું મન નિર્વિઘ્ન હતું. કારણ કે એમના મુખથી કોઈપણ દુ:ખસૂચક અથવા પશ્ચાતાપ બોધક શબ્દ નીકળતા નહોતા. પણ કેટલાક દિવસો પહેલાં એમણે પોતાની વાણીમાં એ કહ્યું હતું કે જો શરીરને વ્યાધિ થાય છે તો મન અને બુદ્ધિએ એના પ્રભાવથી મુક્ત રહેવું જોઈએ. એ કથનને અનુરૂપ જ હવે એમની સ્થિતિ હતી. અંત સમયે પણ એમણે કહેલાં વાક્યો અનુસાર જ એમની સ્થિતિ હતી.

ધીર અને ગંભીર

જે બ્રહ્માવત્સ એમને એ દિવસે મળ્યા હતા, એમને પણ એ આભાસ હતો કે કદાચ આ શરીર લાંબો સમય ટકશે નહીં. આમ છતાં માતેશ્વરીજીની સ્થિતિ દેહાતીત અથવા વિદેહી હતી. એ જાણતાં હતાં કે હવે પોતે થોડા સમય માટે છે પરંતુ વાતાવરણની અલૌકિકતા ઉપર પ્રભાવ પડે નહીં

તેથી એવા કોઈ શબ્દ બોલ્યાં નહીં કે ઈશારો પણ ના કર્યો. તે સદાકાળની જેમ ધીર અને ગંભીર હતાં. એમને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. એમણે પોતાનો ડાબો હાથ બ્રહ્માબાબાના ડાબા હાથમાં રાખ્યો હતો. બ્રહ્માબાબા પણ એમને યોગની શક્તિશાળી દૃષ્ટિ આપી રહ્યાં હતા. કેટલોક સમય આ દૃશ્ય ચાલ્યું. એવું લાગતું હતું કે શરીરમાંથી વિદાય લેતા પહેલાં તેઓ પોતાના શ્રદ્ધેય પિતામહ અને પરમપિતાથી આખરી મુલાકાત કરી રહ્યાં હોય. એક બાજુ તેઓ શરીરને છોડી રહ્યાં હતાં અને બીજી બાજુ યોગસ્થ અને સ્વરૂપસ્થ બનીને અલૌકિક રીતિથી વિદાય લઈ રહ્યાં હતાં. આ દૃષ્ટિ અને હાથ એમના માટે સૂક્ષ્મવિમાનનું કાર્ય કરી રહ્યાં હતાં. મૂક ભાષામાં તેઓ કહી રહ્યાં હતાં કે હવે હું જઈ રહી છું. આગળની તૈયારી કરવા. સારું ફરીથી મળીશું.

પિતાશ્રી પહેલાં જ પ્રસ્થાન

બંને એકબીજાને હાથ છોડી રહ્યાં નહોતાં. પરંતુ શરીર છૂટી ગયું એટલે પાર્થિવ હાથ પણ છૂટી ગયો. પોતાના અલૌકિક જીવનમાં પણ તેઓ કોઈ નગરમાં બાબાના જતા પહેલાં સ્વયં જઈને ક્લાસને નિશ્ચયયુક્ત અને ધારણાવાન બનાવવાની સેવા કરતાં હતાં. અત્યારે પણ એ પ્રીતિની રીતિ અથવા સેવાના વિધિવિધાન અનુસાર શરીરની અસ્વસ્થતાનું નિમિત્ત કારણ રાખીને એમણે પિતાશ્રી પહેલાં જ પ્રસ્થાન કર્યું. જગદંબા સરસ્વતીને જગતની અંબા હોવા છતાં કદી પણ વૃદ્ધાવસ્થામાં બતાવવામાં આવ્યાં નથી. એનું કારણ એ છે કે એમણે પોતાની જ્ઞાનવીણાનું વાદન કરતા તથા શિવશક્તિ સેનાનું નેતૃત્વ કરતાં પ્રૌઢ અવસ્થામાં પોતાના દેહનું વિસર્જન કર્યું હતું.

ઓમ રાધે નામથી પ્રસિદ્ધ થયાં

જ્યારે માતેશ્વરીજીએ તત્કાલીન ‘ઓમમંડલી’ના સત્સંગમાં પ્રવેશ કર્યો ત્યારે તો તેઓ ‘સરસ્વતી’ નામથી જાણીતાં નહોતાં કે ‘જગદંબા’ નામથી સન્માનિત નહોતાં. કેટલાક દિવસોમાં પોતાના વિશેષ પુરુષાર્થ, પોતાની ઉચ્ચ ધારણા અને મહાન પ્રતિભાના કારણે તેઓ ‘ઓમ રાધે’ના નામથી પ્રસિદ્ધ થયાં. તેઓ જ્યારે ઓમની ધ્વનિ કરતાં હતાં અને સિતાર પર તન્મય થઈને દિવ્યગીત ગાતાં તો સાંભળનારાંના હૃદયના તાર પણ એ સ્વર લહરીમાં એકતાન થઈને ઝંકૃત થઈ જતા હતા. તેઓ દેહ બુદ્ધિથી મુક્ત થઈને હંસ અથવા મુક્ત પક્ષી સમાન રુહાનિયતના આકાશમાં ઉડતાં અને વિચરણ કરતાં લાગતાં હતાં. એમને અતીન્દ્રિય સુખનો અનુભવ થતો હતો અને એવું લાગતું હતું કે કોઈ જ્ઞાનનું હાલરડું ગાઈને પોતાના વાત્સલ્ય અથવા માતૃવત્ પ્રેમનો અનુભવ કરાવી રહ્યાં હોય.

ઓમ રાધે બન્યાં ટ્રસ્ટનાં મુખ્ય

આ રુહાની પરિવારમાં શારીરિક દૃષ્ટિકોણથી વધારે આયુવાળાં હોવા છતાં સૌ એમને પોતાનાથી વરિષ્ઠ સમજતાં હતાં. ઓમરાધે પણ રુહાનિયતથી દિનરાત એમની જ્ઞાન પાલના કરવામાં જોડાયેલાં રહેતાં. પિતાશ્રીએ નિમિત્ત બનીને કન્યાઓ - માતાઓનું જ્યારે ટ્રસ્ટ બનાવ્યું, ત્યારે ઓમરાધેને એમનાં મુખ્ય તરીકે પસંદ કર્યાં. એ તરુણ અવસ્થામાં એક ઈશ્વરીય સંસ્થાનનાં પ્રથમ અધ્યક્ષા અથવા મુખ્ય બનવાનું શ્રેય પ્રાપ્ત કરવું એ કોઈ ઓછા મહત્ત્વની વાત નથી. એક નવા વિશ્વની સ્થાપના કરવા માટે જ્યારે એની સંસ્થાનો પાયો નંખાતો હોય અને લોકો એના નવા દર્શન, નવા કાર્યકલાપ અને

નવી નીતિ - રીતિનો વિરોધ મક્કમતાથી કરવા માટે તત્પર હોય, ત્યારે એ હલચલના દિવસોમાં કાર્ય સંચાલનની જવાબદારી લેવી એ વિશ્વની એક અનુપમ ઘટના હતી. 2000 વર્ષોમાં જે પુરુષ પ્રધાન સમાજમાં નારીનું ગૌણસ્થાન રહ્યું હોય એમાં એક કુમારીએ સામે આવીને એક સાથે કેટલાય જબરદસ્ત પડકારોનો સ્વીકાર કરીને અભયરૂપમાં એમનો સામનો કરવો આ વિશ્વના ઈતિહાસમાં જ્વલંત ઘટના છે. જેનું ઉદાહરણ શોધવા છતાં મળશે નહીં.

કન્યાઓ માતાઓના અનોખા દળનું નેતૃત્વ કર્યું

એ સમયના ઘટનાચક્ર પર જ્યારે આપણે દૃષ્ટિપાત કરીએ છીએ તો આપણે આશ્ચર્યચકિત થઈ જઈએ છીએ. એક બાજુ સિંધના ભાઈબંધ (વ્યાપારીવર્ગ) અને આમિલ (અફસરશાહી)નો મોટો વિરોધ, બીજી બાજુ નવનિર્મિત વિધાનસભામાં મુખ્યમંત્રી અને કાયદામંત્રી પર દબાણ, ત્રીજી બાજુ અંગ્રેજી સરકારના જૂના કાયદા, ચોથી બાજુ પંડિત અને પૂજારી વર્ગનો કેટલીયે ભ્રાંતિઓ અને સ્વાર્થને કારણે ગઠબંધન અને પાંચમી બાજુ અપરાધી તત્ત્વોનો તનાવપૂર્ણ વ્યવહાર અને છઠ્ઠી બાજુ મનોવિકારોથી પીડિત કેટલાક લોકોનો કન્યાઓ, માતાઓ પર અત્યાચાર તથા એમની સાથે દુર્વ્યવહાર - આ સર્વનું બનેલું પેચીદું, વાંકુ, જટિલ અને પ્રતિકૂળ વાતાવરણ હતું જેનો સામનો કોઈ વિરલા સાહસિક જ કરી શકે છે. આવા સમયે તેઓ પિતાશ્રીની સાથે નૈતિકતાનો ધ્વજ પોતાના હાથમાં મજબૂતીથી લઈ કુમારીઓ અને માતાઓના એક એવા અનોખા દળનું નેતૃત્વ કરી રહ્યાં હતાં કે જેનું સ્મરણ કરીને એ શક્તિરૂપાની સમક્ષ જનજનનું મસ્તક ઝૂકી જાય છે. એનાથી એમની નિર્ભયતા, દૃઢતા, નિશ્ચયાત્મકતા, સાહસ, સહનશીલતા અને નૈતિકબળની પરાકાષ્ઠાનો સ્પષ્ટ પરિચય મળે છે. માતા જેમ બાળકોનું લાલનપાલન કરવા ઉપરાંત એનું રક્ષણ પણ કરે છે એ રીતે એમણે જ્ઞાનના હાલરડાથી નહીં પણ પ્રારંભિક હલચલના સમયે એમને સંરક્ષણ પણ પ્રદાન કર્યું.

જ્ઞાનપ્રાપ્તિ પછી જીવનમાં થયો ચમત્કાર

આમ તો ઈશ્વરીય જ્ઞાનની પ્રાપ્તિ પહેલાં પણ સાંસારિક દૃષ્ટિકોણથી એમનું જીવન જનસામાન્ય કરતાં ઉચ્ચ અને આકર્ષણમય હતું. તેઓ વિદ્યા અધ્યયનમાં ઘણાં કુશળ હતાં. સંગીતમાં પ્રતિભાશાળી હતાં. સંસ્કારોમાં મિલનસાર નમ્ર અને મધુર હતાં. એમનું વ્યક્તિત્વ આકર્ષણમૂર્ત હતું. એમના આ ગુણોને કારણે પોતાના નગરમાં, બાલિકાઓમાં તેઓની જાણીતી - પ્રિય ઓળખાણ થઈ પરંતુ ઈશ્વરીય જ્ઞાનની પ્રાપ્તિ પછી એમના જીવનમાં એક એવો ચમત્કાર થયો કે આસ્તિક - નાસ્તિક, વિરોધી - શ્રદ્ધાળુ એમની સામે એવો અનુભવ કરતાં હતાં કે રુહાની સંબંધે તેઓ એમની મા છે. એમનો પ્રેમ, એમની મધુરતા, એમની પવિત્રતા, એમના જ્ઞાનની ગહનતા, એમનું તપસ્વીજીવન, દરેકને પ્રભાવિત કરતું હતું. એમના લૌકિક સંબંધીઓનું કહેવું છે કે ઈશ્વરીય જ્ઞાનની પ્રાપ્તિ પહેલાં પણ એમનો સેવાભાવ, સહયોગ, સ્નેહ, કાર્ય કુશળતા અને વ્યવહારની ઉજ્જવલતાથી પ્રભાવિત કરતાં હતાં. પરંતુ ઈશ્વરીય જ્ઞાનની પ્રાપ્તિ પછી તો એમની વાણીમાં એવો પ્રભાવ આવી ગયો કે સંશય દૂર થઈ જતો હતો, મનોવિકાર ભાગી જતા હતા. એમના વ્યક્તિત્વમાં એવી રુહાનિયત હતી કે જન્મ જન્માંતરથી સંતપ્ત આત્માઓને શાંતિનું વરદાન મળતું હતું. ખરેખર એ મા સરસ્વતી હતાં જેઓ જ્ઞાનવીણા વાદનથી વિદ્યા કુશળ બનાવી દેતાં

હતાં. વરદાન આપીને અપવિત્રતા દૂર કરતાં હતાં. પિતાશ્રી દ્વારા એમને વિશેષ સન્માનયુક્ત સ્થાન મળ્યું હતું. પિતાશ્રી પહેલાં એમની વાણી અમે સાંભળતા હતા. પિતાશ્રી એમનું વિશિષ્ટતાથી સ્વાગત કરતા હતા અને વિદાય આપતા હતા. તેઓ આ ઈશ્વરીય પરિવારમાં એમને જ જગદંબા અને સરસ્વતીનું સ્થાન આપતા હતા. આ સર્વ એમની મહાનતાનાં સૂચક છે.

માતેશ્વરીજીની શિક્ષાઓ

માતેશ્વરીજી પોતાની વાણીમાં લગભગ કર્મોની ગુહ્યગતિ પર પ્રકાશ ફેંકતા હતાં. તેઓ કહેતાં હતાં કે મનુષ્ય પોતાનાં કર્મોની અધમતાને કારણે જ પતનને પામ્યો છે. અને હવે કર્મોને શ્રેષ્ઠ બનાવીને જ મહાન બની શકે તેઓ કહેતાં હતાં કે મોટે ભાગ સર્વધર્મોના લોકો એવું કહે છે કે પરમાત્મા અમારા માતપિતા, બંધુ સખા, સદ્‌ગુરુ અને સર્વસ્વ છે. પરંતુ લૌકિક જીવનમાં આ સંબંધોને વ્યવહારિક રૂપથી નિભાવવાનું જાણે છે, તે રીતે પારમાર્થિક દૃષ્ટિકોણથી પરમાત્માની સાથે પોતાના આ સંબંધોને નિભાવતા નથી. તેથી તેઓ પરમાત્મા પાસેથી મુક્તિ-જીવનમુક્તિ યા સુખ-શાંતિનો ભંડાર પ્રાપ્ત કરી શકતા નથી. તેઓ કહેતાં હતાં કે જન્માન્તર દેહઅભિમાન અને વિકારોવાળું જીવન તો જોયું. શાસ્ત્રો, તીર્થો, યાત્રાઓ વગેરેનો પુરુષાર્થ કરીને પણ જોઈ લીધો આજે આપણી જે સ્થિતિ છે તેનાથી શું એ સ્પષ્ટ થતું નથી કે એનાથી આપણને પ્રાપ્તિ થઈ નથી, જે આપણે ઈચ્છીએ છીએ. તો પછી વિચારવાની કઈ વાત છે ? હવે પરમપિતા પરમાત્મા માત્ર એટલું જ કહે છે કે આ વિકારોને છોડો અને હવે બાકી રહેલા જીવનમાં પવિત્ર બનો જેથી હું આપને ઈશ્વરીય વારસો આપું. મમ્મા કહેતાં હતાં કે શું આ સોદો કરવો નથી ? વિનાશ સામે જ છે. હવે નિર્ણય નહીં કરો તો ક્યારે કરશો?

આ રીતે માતેશ્વરીજી શિવબાબા અને બ્રહ્માબાબાનાં મહાવાક્યોને સરળતાથી સમજાવતાં અને નિયમો તથા મર્યાદાઓને સુગમતાથી ધારણ કરાવતાં સૌને આગળ ધપાવતાં હતાં. તેઓ અતિવિશિષ્ટ રોલ અદા કરતાં વિશ્વ નાટકનો બીજો રોલ અદા કરવા માટે ચાલ્યાં ગયાં જેથી સતયુગી રાજ્યભાગ્યની પુનસ્થાપના માટે મદદ મળે. તેઓ ધન્ય છે. એમનો કોટિ કોટિ આભાર. એમના મહાન કર્તવ્યો માટે અમે કૃતાર્થ છીએ. 24 જૂનનો દિવસ ન જાણે કેટલાંયે સ્મરણો લઈને આવે છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 33નું અનુસંધાન)... રાજયોગ દ્વારા શક્તિઓની પ્રાપ્તિ

જોડીએ છીએ. આમ, પરમાત્મા સાથે જોડાયેલી બુદ્ધિ એ સાત્વિક બને છે, સતોગુણને ધારણ કરે છે, શક્તિઓને ધારણ કરીને સમાવી લે છે. તથા એ શક્તિઓ દ્વારા પોતાની પૂર્ણતાનું આવાહ્‌ન કરે છે. તો ‘હું એક શક્તિ સ્વરૂપ આત્મા છું, સર્વશક્તિવાન પિતાનું બાળક છું, શક્તિ એ મારો જ ખજાનો છે. અને એ શક્તિ દ્વારા વિશ્વના આત્માઓને ફરીથી એક વખત સુખ-શાંતિનું વરદાન આપું.’ આમ વારંવાર પોતાની ભુલાયેલી શક્તિઓનું આવાહ્‌ન અને એ શક્તિઓ દ્વારા સેવાભાવનાથી જીવન એ સર્વ શક્તિ સંપન્નની અનુભૂતિ કરાવશે અને આ જીવન એ ઈશ્વરનો અમૂલ્ય પ્રસાદ, ઈશ્વરની ભેટ, ઈશ્વરની દિવ્ય ભેટરૂપ બની જશે.

॥ ઓમશાંતિ ॥

પ્રસન્નતાના પથ પર

યોગ (મેડીટેશન) દ્વારા સમસ્યાઓથી મુક્તિ

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

જ્યારે આપણે આપણી ખુશીને જોઈએ છીએ ત્યારે ઘણું બધું સમજાય છે કે આ માન્યતાઓ આપણાં જીવન ઉપર કેવી અસર પાડે છે. મેં એવી આદતો પાડી છે જેના આધારે હું અત્યાર સુધી મારું જીવન જીવતી હતી તે હવે બદલવાની જરૂર છે. આગળનાં લેખમાં આપણે વાત કરી હતી કે જૂની માન્યતાઓ મેડિટેશનના માધ્યમથી બદલી શકાય છે.

હવે મેડિટેશનની વાત કરીએ. આગળની કડીમાં આપણે મેડિટેશનની ઘણી બધી રીતો વિશે જોયું હતું. જો આપણે આપણા સંકલ્પોને શ્રેણીબદ્ધ કરીને એક કડીમાં પરોવીને આપણે મેડિટેશન કરતાં શીખીએ તો કેવી રીતે તે માન્યતાઓને પરિવર્તિત કરશે અને જો હું નવી માન્યતાઓ બનાવતી જાઉં તો તે પુનઃશક્તિશાળી બનતું જશે, કેવી રીતે આ બધું શક્ય બની શકે છે, કઈ પદ્ધતિ છે અને કઈ પ્રક્રિયા છે તેની ઉપર વાતચીત કરીએ.

પ્રશ્ન - બ્રહ્માકુમારી શિવાની, જો આપણે જોઈએ તો આપણે મેડિટેશનની વાત કરી હતી, અત્યાર સુધીમાં ઘણી બધી વાતો થઈ છે અને તે સ્પષ્ટ થઈ ગયું છે કે પોતાની માન્યતાને બદલીએ અને તેની ઉપર એક નવી માન્યતા નિર્માણ કરીને પછી એક શૃંખલાની જેમ ચલાવતા જવું. તેમાં રાજયોગ આપણી કેવી રીતે મદદ કરે છે અથવા તેનો અભ્યાસ આપણે કેવી રીતે કરવો ?

ઉત્તર - વાસ્તવમાં રાજયોગ શબ્દમાં યોગનો અર્થ છે સંબંધ. માની લ્યો હું તમને યાદ કરું છું તો હું કહી શકુ છું કે મારો યોગ તમારી સાથે થયેલો છે. જો આપણે કોઈની યાદમાં હોઈએ તો કહીએ છીએ કે તેનો યોગ તેની સાથે છે. હવે રાજયોગ, રાજનો અર્થ છે સર્વોચ્ચ. આથી રાજયોગ અર્થાત્ મારો સંબંધ જ્યારે તે ઉચ્ચ શક્તિ સાથે જોડાયેલો છે ત્યારે આપણે તે યોગને રાજયોગ કહીએ છીએ. પરંતુ તે સંબંધ જોડાતા પહેલા બંનેનો પરિચય થવો જોઈએ. માની લ્યો કોઈ બે વ્યક્તિ વચ્ચે એમ જ દોસ્તી નથી થઈ શકતી, સંબંધ એમ જ નથી જોડાતો, તે માટે પહેલા મારે તમારો પરિચય જોઈએ, તમારે મારો પરિચય જોઈએ. પરિચયના આધારે ધીરે ધીરે સંબંધ જોડાય છે. આજે આપણે સૌ પરમાત્માને યાદ કરવાનો પ્રયાસ કરીએ છીએ પરંતુ મોટા પ્રમાણમાં લોકોની એવી ફરિયાદ હોય છે કે તેઓ બેસે તો છે, સમય ફાળવે છે, મંદિર - મસ્જીદ જે કાંઈ છે, દસ મિનિટ માટે બેસે, પરંતુ તે દસ મિનિટમાં કેટલો સમય સુધી તેની યાદ અને કેટલો સમય મન આજુ બાજુ ભટકે છે તે પ્રશ્ન છે. આપણે આખો દિવસ બીજાને યાદ કરી શકીએ છીએ તો ભગવાનને કેમ નહિં ?

પ્રશ્ન - પછી આપણે ખુદને, બીજા લોકોને પણ કહીએ છીએ કે હા, હું તો રોજ સવારે સવારે પૂજા કરું છું, પરંતુ આપણી અંદરથી આપણને ખબર હોય છે કે તે પૂજા દરમિયાન મારું મન ક્યાં ક્યાં ગયું હતું ?

ઉત્તર - કરીએ તો છીએ પ્રમાણિકતાથી, કરવા

ઇચ્છીએ છીએ આપણો રોજનો જે સમય જે કરવા માટે નિશ્ચિત હોય પરંતુ તે કાં તો મૌખિક કે કોઈ ઔપચારિકતા છે. મનથી પણ યાદ કરવા ઇચ્છીએ છીએ પણ પછી પ્રશ્ન એ આવે છે કે મન ભટકે છે કેમ, અને ત્યારે કહી દઈએ છીએ કે મન બહુ ચંચળ છે. મન તો એકાગ્ર નથી થતું, મન ભટકી જાય છે. પરંતુ મહત્ત્વનું એ છે કે શા માટે યાદ કરવું, પછી કહીએ છીએ શીખવું પડશે. હકીકતમાં યાદ કરવાનું શીખવાનું નથી, આખા દિવસમાં આપણે ઘણાબધા લોકોને યાદ કરીએ છીએ, જે લોકો પસંદ નથી તેને પણ યાદ કરીએ છીએ. હવે જેટલા લોકોને યાદ કરવા બેસીએ, હાલતા-ચાલતા, કામ કરતાં યાદ ન કરવા હોય તો પણ યાદ આવે છે. તેને યાદ કરવાની તૈયારી પણ કરીએ, સ્થાન પણ બનાવીએ, અલગથી સમય પણ કાઢીએ, માત્ર દસ મિનિટ તો પછી યાદ કેમ નથી આવતી, આવું કેમ થાય છે ?

તે બધાને યાદ કરી શકે છે, માત્ર યાદ તો કરવાનું છે, બાકીનાં લોકોને યાદ કરતી વખતે મન કેમ ભટકતું નથી, ઈશ્વરને યાદ કરતા સમયે મન કેમ ભટકે છે, તેનું કોઈ કારણ નથી. એક બાળકને યાદ કરવાનું શીખવી ન શકાય પોતાનાં માતા-પિતાને કેવી રીતે યાદ કરાય. યાદ કરવું આટલું સ્વાભાવિક છે. શ્વાસ લેવાનું શીખવાનું નથી તે કુદરતી છે, યાદ કરવાનું શીખવી નથી શકાતું, તે સ્વાભાવિક છે પરંતુ તેને જેને આપણે કહીએ છીએ ‘તુમ્હીં માતા, પિતા તુમ્હીં હો, તુમ્હીં હો સખા, બંધુ તુમ્હીં હો સબ કુછ હો’ તો તેની યાદ કેમ નથી આવતી. કારણ કદાચ આપણે જાણતાં નથી કે તે કોણ છે, ત્યારે તે યાદ જોડાતી નથી. ત્યારે તેને હું યાદ કરવાનો પ્રયાસ કરું છું પરંતુ મન બીજી તરફ જતું રહે છે જેને હું સારી રીતે જાણું છું. એટલા માટે યાદ કરવાથી પહેલા જાણવા, ઓળખવા, પરિચય હોવો જરૂરી છે.

જ્યારે આપણે રાજયોગ શીખીએ છીએ તો અમે ઘણીવાર ભાઈ-બહેનોને કહ્યું કે આપ કેન્દ્ર ઉપર આવી શકો છો, રાજયોગનો પ્રાથમિક પાઠ્યક્રમ કરી શકો છો, તો તેમાં આપને વિધિપૂર્વક જણાવવામાં આવે છે કે સૌથી પહેલા પોતાને ઓળખો ‘હું કોણ છું’, યાદ (યોગ) કરવા કોણ બેઠું છે, તે કોણ છે, કોણ યાદ કરે છે અને ત્રીજું આપણો તેની સાથે સંબંધ શું છે, હું તેની સાથે પોતાનો સંબંધ કેવી રીતે સ્થાપિત કરું તો હું કોણ છું, તે કોણ છે, અને અમારા બંનેનો અરસપરસ સંબંધ શું છે ? જો હું તમને પૂછું કે તમારો પરિચય શું છે તો તમે તમારા પરિચયમાં શું જણાવશો ?

પ્રશ્ન - હું પહેલા મારું નામ જણાવીશ, પછી મારો વ્યવસાય બતાવીશ.

ઉત્તર - તમે તમારું નામ, તમારો અભ્યાસ, તમારો વ્યવસાય, પછી તમે ક્યા પરિવાર સાથે સંબંધિત છો, કયું શહેર, કયા દેશ સાથે સંબંધિત છો તે તમામ વાતો જે આપણે મેળવી છે. એટલે સુધી કે આપણું નામ પણ કોઈકે આપેલું હશે. પરંતુ એક બાળકને જુઓ, આપણે 8-10 દિવસ પછી તેને નામ આપીએ છીએ, પરંતુ પરિચય તો છે ને તેનું વાસ્તવમાં નામ શું છે ? એક બીજા પાસે મોકલવા માટે પછી જેમ કે તેનાં શિક્ષણની જાણકારી લઈએ છીએ, પરંતુ જે દિવસે તે હોદ્દો બને અને તે નંબર આવ્યો તો આજથી મારો પરિચય બદલાઈ ગયો. હું કોણ છું. હું એક ડોક્ટર છું, એન્જિનીયર છું, આપણો પરિચય બદલાઈ જાય છે, આપણી ઓળખાણ બદલાઈ ગઈ પછી વ્યવસાયનું સૂત્ર જોડાઈ ગયું તો તે પણ એક યાત્રા ચાલવા લાગે છે શિક્ષણથી લઈને હોદ્દો મેળવવા સુધી.

પ્રશ્ન - ઘણાં લોકો પોતાનાં પરિચયમાં પોતાનું

ઉપનામ બતાવે છે કે મારી ઓળખ આ જ છે.

ઉત્તર - આપણો હોદ્દો આપણી ઓળખ બને છે, આપણું કાર્ય, આપણા સંબંધથી આપણી ઓળખ બને છે પરંતુ જ્યારે આપણે આ યાત્રાને જોઈએ તો આ જીવનની યાત્રામાં આ બધી ચીજો આપણને મળતી જાય, મળતી જાય. સંબંધો પણ જે તમે કહ્યું તેમ પરિવર્તિત, કોઈ કોઈ મળતા જાય, કોઈ કોઈ છૂટતા જાય. થોડા સમય પછી આપણી ઓળખ એ પણ હોય કે હું કોઈની દીકરી છું, થોડા સમય પછી આપણી ઓળખ એક મા તરીકે પણ હોઈ શકે. પછી 20 વર્ષ પછી કોઈકની દાદી છું, હુ સાસુ પણ છું તો આ રીતે આપણે જોઈએ છીએ આપણી ઓળખ આપણાં સંબંધો ઉપર બનતી જાય છે. આ તો એ ચીજો થઈ જે આપણને મળતી જાય છે, પરંતુ કોઈ કોઈ ચીજ છૂટતી પણ જાય છે જેમ કે હોદ્દો જશે, આપણે નિવૃત્ત થઈશું. જેમ જેમ આટલી બધી ચીજો મળતી જાય છે તેમ તેમ કેટલીક ચીજો છૂટતી પણ જાય છે. પરંતુ જ્યારે આ ચીજો મળે છે તો આપણે તેની સાથે બંધાઈ જઈએ છીએ. પરિવાર સાથે લગાવ, હોદ્દાથી લગાવ, આપણી મિલકતથી પણ હોઈ શકે છે. જે ચીજ આપણને જીવનમાં મળે છે તો તેની સાથે એક ભય રહે છે કે ક્યાંક આ છૂટી ન જાય, તેને કાંઈક થઈ ન જાય. જ્યારે આપણે બધા જાણીએ છીએ કે એક દિવસ બધાએ જવાનું છે. કારણ કે જીવનમાં ખુશી નથી એટલે આ બધી ચીજો છૂટવાનો ભય રહે છે અને આપણાં ચેતન મનમાં એ આવી જાય છે કે મને કાંઈક થઈ ન જાય.

સૌથી મજબૂત લગાવ કયા ક્રમમાં આગળ વધે છે, જે ક્રમમાં તે ચીજ મળતી જાય છે. આજે જો હું 'હું' કહું છું તો આપણને શું શું યાદ આવે છે - સૌથી પહેલા પોતાનું નામ, પછી હોદ્દો, પછી સંબંધ પણ જો તેની તસવીર લઈએ 'હું કોણ છું' તો કઈ તસવીર આપણી સામે આવશે, આપણા શરીરની. તો આ શરીર સાથે પણ આપણને બહુ લગાવ છે, એટલો લગાવ છે કે આપણે સમજ્યા કે 'આ હું છું' અને પછી આખો દિવસ જેમ જેમ તેનો ઉપયોગ કરતાં જઈએ તો કહીએ કે આજે મારું માથું દુઃખે છે, આજે મારો હાથ કપાઈ ગયો, આજે મારા પેટમાં દર્દ છે, અહીં તો આપણે કહીશું કે આજ અમે એટલા થાકી ગયા કે મારા આખા શરીરમાં દર્દ થઈ રહ્યું છે. આપણે એમ નથી કહેતા કે હું શરીર દર્દ થઈ રહ્યું છે. હવે આપણે અહીં એ સમજવાનું છે કે 'હું શરીર કે મારું શરીર' પછી કહીશું ખબર નહિં શું ફેર પડે છે, 'હું શરીર કે મારું શરીર' તેનાં કારણે તો આપણાં જીવનમાં સૌથી વધારે છળ છે, સૌથી વધારે દર્દ છે કારણ એક વાસ્તવિક સત્યને આપણે ભૂલી ચૂક્યા છીએ.

આપણે આખી શૃંખલામાં જે જોયું કે માન્યતાઓથી સંકલ્પ બને છે. સંકલ્પથી મારું ભાગ્ય બને છે. એ સૌથી મોટી માન્યતા જેને આજ સુધી આપણે સત્ય માનતા હતા તે એ છે કે 'હું શરીર છું' પછી તેના આધારે બધી માન્યતાઓ નિર્મિત થઈ અને પછી તેનાથી આપણું ભાગ્ય બન્યું.

રાજયોગના માધ્યમથી આપણી સૌથી મોટી માન્યતા તૂટે છે તે એ છે કે 'ગુસ્સો સ્વાભાવિક નથી' અને 'હું શરીર નથી' પરંતુ હું તેને ચલાવવા વાળી ચૈતન્ય શક્તિ છું.

પ્રશ્ન - અહીં એ વાત સ્પષ્ટએ માટે કરવા માંગુ છું કે ઘણા લોકો એમ કહે છે કે 'હું શરીર છું' કે 'આ મારું શરીર છે' તેનાથી શું ફેર પડે છે ? આ એક અનુભવ તો છે જેને મેં મારું પોતાનું શરીર માની લીધું અને તેનાં દ્વારા જ હું બધું કરી રહ્યો છું તો તેમાં સમસ્યા શું છે ?

ઉત્તર - આપણે એક કામ કરીએ, આજે એક

દિવસ માટે આપણને ખુદને ‘વસ્ત્ર’ માની લઈએ, શું ફરક પડે છે. આપણે વિચારીએ છીએ ને ‘હું ઉર્જા છું.’, ‘હું ચૈતન્યશક્તિ છું’ તો શું ફર્ક પડે છે ? ચાલો કોઈ ફર્ક નથી પડતો તો એક દિવસ માટે હું શરીર છું કે હું આ શરીર ઉપર ઓઢેલું વસ્ત્ર છું તો શું ફર્ક પડે છે. હું જ્યારે પણ કોઈને મળું તો એ ચૈતન્યતા સાથે કે હું લીલા રંગનું કુરતું છું. કાંઈક ફર્ક હશે તમારા જીવનમાં આજે આખો દિવસ, માત્ર પોતાને જુઓ આખો દિવસ કે હું લીલા રંગનું કુરતું છું અને મારી એ ચૈતન્યતા સાથે હું લીલા રંગનું કુરતું છું. કાંઈક ફર્ક હશે તમારા જીવનમાં આજે આખો દિવસ, માત્ર પોતાને જુઓ આખો દિવસ કે હું લીલી રંગનું કુરતું છું અને મારી એ ચૈતન્યતા છે કે હું સફેદ રંગની સાડી છું, હવે લોકો સાથે આપણો વાર્તાલાપ કયા અનુભવ સાથે થશે કે હું સફેદ રંગની સાડી છું. હવે હું લીલા ડ્રેસને જોઉં છું તો એમ વિચારું છું કે આ પોશાક તો મારાથી ખૂબ સુંદર છે, હું એટલી સુંદર નથી, મારો પોશાક એટલો સુંદર નથી, પછી જો તેનાં ઉપર જરા દાગ લાગ્યો તો શેની ઉપર લાગ્યો, મારી ઉપર જ લાગ્યો. પછી જો તે ક્યાંક ભરાઈને ફાટી ગયો તો શું ફાટી ગયો અને જો મને ખબર પડે કે સાંજ સુધીમાં ખતમ થઈ જવાનો છે તો કોણ ખતમ થઈ જવાનું છે, હું ખતમ થઈ જવાનો છું, જ્યારે તે સત્ય નથી.

હું આખો દિવસ તેની બીજા સાથે સરખામણી કરતી રહીશ. તેને જ સજાવવાની કોશિશ કરીશ, તેની ઉપર જ મારું સમગ્ર ધ્યાન હશે અને તે પ્રક્રિયામાં હું સમજું છું કે મારું ધ્યાન જ નહિ જાય. એ રીતે આપણે કઈ સમજ ઉપર ચાલી રહ્યા હતા કે હું શરીર છું, આપ પણ શરીર છો, તો જ્યારે હું તમને મળું છું તો શરીરના સ્તરે જ મળું છું અને શરીરની સાથે સરખામણી પણ કરીશ કે તે તો મારા કરતાં વધુ સુંદર છે.

પ્રશ્ન - હું તેની જરૂરિયાત ઉપર રહી ગઈ.

ઉત્તર - કારણ મેં વિચાર્યું કે હું તે છું.

પ્રશ્ન - તે મારા પોશાકની જરૂરિયાત માટે બચાવવાનું છે, તેને ધોવાનું છે.

ઉત્તર - તેના આધારે સરખામણી કરવાની છે. જો હું કહી દઉં કે આજે તમને લીલો રંગ સારો નથી લાગી રહ્યો, તો કોને કહી દીધું ‘મને કહી દીધું’ કારણ કે હું કોણ છું ? લીલા રંગનો પોશાક, એક ખોટા ચૈતન્યથી આખી યાત્રા જ બદલાઈ શકે છે. હવે ચૈતન્યતા બદલાઈ ગઈ, ‘હું કોણ છું’ હમણા તો કહ્યું કે હું આ છું. આ મારો પોશાક છે. હવે તમારો પોશાક મારા પોશાકથી વધારે સારો છે. હવે મારા પોશાક ઉપર દાગ લાગી ગયો, મારો પોશાક ફાટી ગયો. તેથી દુઃખ થશે, શું મારો પોશાક ખતમ થઈ ગયો કોઈ વાંધો નહિં, નવો પોશાક લેશું, ઠીક છે ને, બધુ બરાબર છે કાલ સુધી તે બરાબર નહોતું કારણ હું એક પોશાક હતી. હવે જ્યારે મેં આ વિચાર્યું કે હું શરીર છું, તમે શરીર છો તો વધુ સુંદર કોણ છે ? હું વધુ સુંદર છું. સમગ્ર પ્રસાધન ઉદ્યોગ, સમગ્ર ફેશન ઉદ્યોગ કઈ માન્યતા ઉપર ચાલે છે કે હું શરીર છું અને મારો સ્વભાવ છે કે હું મને પોતાને સુંદર દેખાડવા પ્રયાસ કરતી રહું કારણ હું એક શરીર છું અને તેને સુંદર રાખવાનું છે.

પ્રશ્ન - જે માત્ર એક વિચાર છે.

ઉત્તર - માનવ સ્વભાવની આદત શું છે કે સુંદર દેખાવું, સાફ દેખાવું, સંપૂર્ણ દેખાવું, હવે મેં એ વિચાર્યું કે હું આ છું તે જરાપણ વાંકુંચૂકું છે તો સંપૂર્ણ થઈ જવું જોઈએ, તો મારું સમગ્ર ધ્યાન શરીર ઉપર ચાલ્યું જાય છે. જો તમે વિચાર્યું કે તમે આ પોશાક છો તો આખો દિવસ તમારું ધ્યાન શેની

ઉપર જશે ? કપડા ઉપર. પરંતુ તમે સત્યતાથી તો દૂર હતા. પછી આપણે એક બીજા સાથે સરખામણી કરી તો શરીરનાં સ્તર ઉપર, પદનાં સ્તર ઉપર. વાત કરી તો પણ કયા સ્તર ઉપર, પદના સ્તરે પરંતુ આપણે ક્યારેય વાસ્તવિક ચીજની બાબતમાં વાત નથી કરી. પછી જો કોઈએ કહ્યું કે આજે તમે થોડા જાડા લાગો છો, આજે તમે થોડા કાળા લાગો છો, તો કોણ કાળુ લાગ્યું, 'હું' એટલે કે 'શરીર'. હું નાની નાની વાતોમાં દુઃખી થતી ગઈ. દુઃખી થતી ગઈ. કોઈકે મારા પિતૃત્વ ઉપર કાંઈક સવાલ કરી દીધા કે શું તમારા બાળકો ઠીક નથી તો હું દુઃખી થઈ ગઈ કારણે હું એક મા છું. કોઈએ મારી સાથે કામ કરવાની રીત ઉપર કાંઈક ટીકા કરી, કારણ 'હું શું છું' હું તે હોદ્દેદાર છું અને આ બધુ ચકનાચૂર થઈ ગયું એમ બની રહ્યું હતું, આ પ્રક્રિયામાં દુઃખી કોણ થઈ રહ્યું છે 'હું' કારણ મેં પોતાની અંદર ઈર્ષ્યા, હરીફાઈ, સરખામણી, ગુસ્સો, ઘૃણાયુક્ત વિચાર નિર્મિત કરી લીધા હતા.

હવે ખુદને સુંદર તો કરવા ઈચ્છતી હતી પરંતુ શરીરનાં સ્તરે સરખામણી કરી તો વાસ્તવમાં હું સુંદર બનવાને બદલે શું થતું ગયું... તેનાં સ્તર ઉપર હું ખુદને જોતી ગઈ, અંદર ઈર્ષ્યા નિર્મિત કરતી ગઈ તો સુંદર થવાને બદલે હું વધુ ગંદી થતી ગઈ. અને આમ આપણી સાથે રોજ બને છે કારણ હું તો પોતાને શરીર સમજું છું. રાજયોગ મેડિટેશનમાં આપણા વિચાર બદલાઈ જાય છે કે આપણે આમ નથી કરી રહ્યા શરીર મહત્ત્વનું નથી, આ પોશાક પણ મહત્ત્વનો છે પરંતુ તેનાં મહત્ત્વની ખબર હોવી જોઈએ, નહિં કે આ મારો પોશાક છે, સ્વચ્છ હોવો જોઈએ, સાફ હોવો જોઈએ, એ રીતે આ મારું શરીર છે, સ્વચ્છ હોવું જોઈએ, સ્વસ્થ હોવું જોઈએ પરંતુ હું કોણ છું. એમ તો ન હોવું જોઈએ ને કે જે કાંઈ મારું છે તે યાદ રહે અને હું જે છું તે ભૂલાઈ જાય.

॥ ઓમશાંતિ ॥

અનુ. બ્ર.કુ. રમેશ, ભાવનગર

(પેજ નં. 10નું અનુસંધાન)... ભારતનો પ્રાચીન અને વાસ્તવિક યોગ

કારણ કે એમાં સફળતા પ્રાપ્ત કરવા માટે મનુષ્યને કામ, ક્રોધ, આદિ વિકારોનો સંન્યાસ (ત્યાગ) કરવો પડે છે. 'સમત્વ યોગ' પણ વાસ્તવમાં આ છે. કારણ કે એનો અભ્યાસ કરનારા મનુષ્ય હાનિ-લાભ, નિંદા-સ્તુતિ, માન-અપમાન વગેરે પરિસ્થિતિઓમાં સમચિત્ત અથવા એકરસ રહેવાનો પુરુષાર્થ કરે છે. આ યોગને 'સહજ રાજયોગ' પણ કહેવામાં આવે છે કારણ કે આ યોગ સર્વ યોગોમાં રાજા અથવા સર્વ શ્રેષ્ઠ છે. એનો અભ્યાસ કરનાર મનુષ્ય ભવિષ્યમાં ૨૧ જન્મો માટે રાજ્યભાગ્ય પ્રાપ્ત કરે છે અને આ યોગ એટલો સહજ પણ છે કે રાજા જેવો જવાબદાર વ્યક્તિ પણ એનો અભ્યાસ કરી શકે છે. તેથી સ્પષ્ટ છે કે સહજ રાજયોગ, બુદ્ધિ યોગ, જ્ઞાનયોગ, કર્મયોગ, સંન્યાસ યોગ, સમત્વ યોગ, પુરુષોત્તમ યોગ વગેરે આ યોગનાં જ નામ છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 07નું અનુસંધાન)... ખુશી

હસાવે છે. દુઃખીને સુખી બનાવે છે. ભલે દુઃખી લોકોની વચ્ચે રહીએ છીએ પણ આપણા માટે દુઃખ નથી. આપણા મનમાં દુઃખનું નામનિશાન નથી.

॥ ઓમશાંતિ ॥

માતેશ્વરી જગદંબા સરસ્વતીજી સાથેનો મારો અનુભવ

રાજયોગિની બ્ર.કુ. સરલાદીદી, ડાયરેક્ટર, ગુજરાત ઝોન, સુખશાંતિ ભવન, અમદાવાદ.

મીઠી મમ્મા સાથે જે મધુરમિલન આ જીવનમાં થયું છે અને અલૌકિક અનુભવ અને પ્રાપ્તિ થઈ છે એનું વર્ણન કરવામાં મને અલૌકિક આનંદનો અનુભવ થઈ રહ્યો છે. આજથી 61 વર્ષ પહેલાં મુંબઈ માટુંગામાં અમારી પડોશમાં બ્રહ્માકુમારી બહેનો પધારી હતી. અને સૌથી પહેલાં અમારી મુલાકાત દાદી વૃજેન્દ્રાજી સાથે થઈ. વૃજેન્દ્રાદાદી હોળીનો ઉત્સવ ઉજવવા આબુ જવાના હતા. તેઓ અમારાં લૌકિક નાની અને મોટી બહેનને સાથે લઈ જવા આવ્યાં હતાં. કારણ કે તેઓ આશ્રમમાં આવતાં જતાં હતાં. ત્યારે મેં એસ.એસ.સી.નું શિક્ષણ પૂરું કર્યું હતું. મેં કહ્યું, મને પણ મધુવન લઈ જાઓ. તો હું પણ એમની સાથે આબુ આવી. એ સમયે કોટા હાઉસ અને ધોલપુર હાઉસમાં બ્રહ્માકુમારીઝનો આશ્રમ હતો. મને એ સમયે એ પણ ખબર નહોતી કે પિતાશ્રી કોણ છે ? માતેશ્વરી કોણ છે ? એમની સાથે આપણો શો સંબંધ છે. જ્યારે ત્યાં પહોચ્યાં તો હોલમાં એક સંદલી પર પિતાશ્રી અને બીજી સંદલી પર માતેશ્વરી બિરાજમાન હતાં. એ સમયે ભારતમાં પાંચ છ સેવાકેન્દ્રો જ હતાં અને એ સર્વ સેવાકેન્દ્રોમાંથી થોડાં થોડાં બહેનો-ભાઈઓ હોળી ઉજવવા આબુ પહોંચ્યા હતાં. અમે પણ હોળી ઉજવવા પહોંચ્યા હતાં. બાબા-મમ્માની સાથે અમે હોળી ઉજવી એનાથી અમારું મન ઘણું પ્રસન્ન થયું.

સાધના દેવી બનીને, માતૃદેવી બની ગયાં.

મમ્મા કુમારી હોવા છતાં પણ પુરુષાર્થ કરીને માતેશ્વરી યજ્ઞમાતા બન્યાં અને આધ્યાત્મિક જીવનમાં આગળ વધ્યાં. એમને જોઈને અમને એમના જેવા બનવાની પ્રેરણા મળી હતી. બાબાએ અમને હસતાં હસતાં પૂછ્યું હતું કે, બેટી, તારે મમ્મા જેવા બનવું છે ? બનવું છે તો મમ્માની પૂંછ (અનુસરણ) પકડી લો. અર્થાત્ મમ્માનું અનુસરણ કરો. કહેવાય છે કે કામધેનુંનું પૂછડું પકડવાથી આ સંસારરૂપી સાગર પાર થઈ શકે છે. એ રીતે તમારે પણ મમ્મા જેવા બનવું છે તો મમ્માની પૂંછ પકડો. અર્થાત્ મમ્માને અનુસરો.

મંત્રમુગ્ધ કરનારા બે શબ્દ

મમ્મા સંગીત વિદ્યામાં પ્રવીણ હતાં. એમનું વ્યક્તિત્વ પ્રતિભાશાળી હતું. મમ્મા આખી રાત યોગનો પુરુષાર્થ કરતાં હતાં. પુરુષાર્થ પ્રત્યે એમને ઘણી રુચિ અને પ્રીતિ હતાં. આ વાતોએ અમને પણ એમના જેવા બનવાની પ્રેરણા આપી. જ્યારે પણ બાબા, મમ્માને બોલાવે અથવા કોઈ સેવા બતાવે તો મમ્માના મુખથી બે શબ્દ જ નીકળતા હતા. 'જી બાબા'! આ બંને શબ્દોમાં બાબા પ્રત્યે એમનો આદર અને સ્નેહ એટલો ભરેલો હતો કે સાંભળનારાઓને આ શબ્દ મંત્રમુગ્ધ કરતા હતા.

દૈવી સભ્યતાના સંસ્કાર આપનારી આદિશક્તિ

મમ્મા અમને શિક્ષણ આપતાં હતાં કે આપસમાં જ્યારે વાત કરીએ છીએ તો ઘણા ધીમા સ્વરમાં કરવાની છે. બે વ્યક્તિઓ વાત કરે છે તો

ત્રીજી વ્યક્તિને તે વાત સંભળાવી ના જોઈએ. મમ્મા એવી રીતે ચાલતાં હતાં કે કોઈને ખબર પણ પડતી નહોતી કે મમ્મા આવ્યાં ક્યારે અને ગયાં ક્યારે. મમ્મા કહેતાં હતાં કે બાળકો આપણું ચાલવું એવું હોય જે ધરતીને પણ કષ્ટ ન થાય, કેટલાક લોકો રાવણની જેમ ચાલે છે. વાર્તાઓમાં આવે છે કે રાવણ જ્યારે ચાલતો હતો ત્યારે ધરતી ડોલતી હતી, કંપતી હતી. આપણે દેવતા બનનાર છીએ એટલે આપણી ચાલ દેવતાઓ જેવી હોવી જોઈએ. બિલકુલ અવાજ જ નહીં થવો જોઈએ. મમ્માએ એકબીજાને કઈ રીતે બોલાવવા તે પણ શીખવ્યું. જ્યારે અમે મુંબઈમાં રહેતાં હતાં તો અમારા ઘરની સામે અમારાં નાનીનું ઘર હતું. જ્યારે અમારે કોઈને બોલાવવાં હોય તો અમે અમારા ઘરમાં જ રહીને અવાજથી બોલાવતાં હતાં કે અહીં આવો, આ વાત સાંભળો. એક વાર ત્યાં ક્લાસમાં મમ્માએ સંભળાવ્યું કે એક બીજાને મોટા અવાજથી બોલાવવાં જોઈએ નહીં. એ વ્યક્તિની નજીક જઈને કહો, આપની સાથે મારે કંઈક વાત કરવાની છે. આપ આવો. આ પ્રકારે શાંતિથી, પ્રેમથી અને ધીમા અવાજથી બોલવું જોઈએ. મમ્મા કહેતાં હતાં કે આપ દેવતા બનો છો, દેવતા કદી જોર જોરથી હસતા નથી, જોર જોરથી બોલતા નથી અને ચાલતા નથી. સર્વ કાંઈ ધીમેથી, શાંતિથી કરે છે. તેથી આપણે પણ એ રીતે જ ચાલવાનું છે. મમ્મા કહેતાં હતાં કે જો કોઈ આપને શિખામણ આપે છે તો એને પ્રેમ અને સંયમથી સાંભળવી જોઈએ. એ સમયે એમને એ નહીં કહેવું જોઈએ કે આ વાત આમ નથી. તેમ નથી. મેં આમ કર્યું જ નથી. એવું પણ બની શકે કે તે વાત અત્યારે લાગુ પડતી નથી પણ કદાચ ભવિષ્યમાં કામ આવે. એટલે શિખામણને માન આપવું જોઈએ. સન્માનથી સ્વીકાર પણ કરવો જોઈએ.

મને રંગીન કપડાં પહેરવાનો અને બે ચોટલા બનાવવાનો ઘણો શોખ હતો. એક વાર રાત્રે હું વૃજેન્દ્રાદાદીની સાથે મમ્માને ગુડનાઈટ કરવા ગઈ હતી, ત્યારે મમ્માએ કહ્યું, સરલા, તેં દેવીઓની તસ્વીર જોઈ છે. એમાં વાળ કેવા બતાવે છે. હું ચૂપ રહી. પછી મમ્માએ કહ્યું, દેવીઓના વાળ ખુલ્લા રહે છે યા એક જ ચોટલો હોય છે. આમ કહેતાં એમણે મારા બંને ચોટલાઓ ખોલીને હમેશા માટે એક બનાવી દીધો. આ રીતે મમ્માએ મને સાડી પહેરતાં શીખવાડ્યું. ગુરુમુખી લખતાં વાંચતાં શીખવાડ્યું.

લૌકિકતાની બલિ લેનાર કાલી મા

મમ્માએ જ મને બાબાને અર્પણ કરી. મમ્મા હસતાં હસતાં કહેતાં હતાં કે સરલા, આ મમ્મા મા પણ છે અને કાલી પણ છે. કાલી તો તારી બલિ જરૂર લેશે, હું હસતી હતી. મારાં લૌકિક માની સેવા મારે જ કરવી પડતી હતી. એક દિવસ સભામાં મમ્માએ મને આવાહ્ન કર્યું કે તું પોતાની એક માતાને કારણે સ્વયં જગતમાતા બનવાથી વંચિત રહીશ ? આ વાત મારા મનમાં તીરની જેમ લાગી ગઈ. હું એ પછી ઈશ્વરીય સેવામાં સમર્પિત થવા તૈયાર થઈ ગઈ. મારે મોટી અને નાની બહેન પણ હતી. તેઓ અમારાં લૌકિક માની સંભાળ રાખવા લાગ્યાં. આ રીતે મા કાલીએ મારી બલિ લઈને મને શિવ પિતાને અર્પિત કરી. મને કર્મબંધન અને લૌકિક બંધનથી છોડાવી.

સમર્પિત થયા પછી મમ્માએ પહેલાં મને વૃજેન્દ્રાદાદીની પાસે જ રાખી. કેટલાક સમય પછી મમ્માએ પૂછ્યું, સરલા, તું પૂના જઈશ ? મેં કહ્યું, મમ્મા આપ જે કહેશો, જ્યાં મોકલશો ત્યાં જઈશ. ત્યારે મમ્માએ પૂના મોકલતી વખતે મને એવી શિખામણ આપી અને કલ્યાણકારી વચન સંભળાવ્યા જેથી જે મારું છે તે સર્વ બાબાનું છે. એમ

સમજીને નિમિત્તભાવથી સેવા કરવાની, આગળ વધતા રહેવાની પ્રેરણા આપી.

સર્વ કાંઈ કરવા છતાં ગુપ્ત પુરુષાર્થી બની રહો.

મમ્મા કહેતાં હતાં કે આપણો પુરુષાર્થ સદા ગુપ્ત હોવો જોઈએ. દેખાડાનો હોવો જોઈએ નહીં. સેવા છોડીને સર્વથી અલગ થઈને યોગમાં બેસવાનું નથી. સર્વ કાંઈ કરવા છતાં, સર્વની સાથે રહેવા છતાં ગુપ્ત પુરુષાર્થ કરવો જોઈએ. મમ્મા સ્વયં આમ જ કરતાં હતાં. મમ્માને જોતાં મને ક્યારેક શીતળામા, ક્યારેક કાલી માનો અનુભવ થતો હતો. મમ્મા જગદંબા જ હતાં, દેવી હતાં. સર્વ મનોકામનાઓ પૂરી કરનારા કામધેનું મા હતાં.

માતેશ્વરી જગદંબા સરસ્વતીની અમૃતવાણી

- જુઓ બ્રહ્મા બાબાના મુખ દ્વારા શિવબાબા (ઈશ્વરીય જ્ઞાન) સંભળાવે છે તો આપણા કાન સુધી આવતાં આવતાં વચ્ચે માયા પ્રવેશે નહીં. ધ્યાન રાખો કે બાબાના મુખ અને તમારા કાન વચ્ચે અંતર છે એટલે સદા રુહાની સ્થિતિમાં સ્થિત થઈને જ મુરલી સાંભળો.
- જીવન કવરની જેમ બંધ નહીં પણ પોસ્ટકાર્ડની જેમ સદા ખુલ્લુ હોવું જોઈએ.
- સદૈવ 'હાંજી'નો પાઠ પાક્કો કરજો. કોઈએ આપને કોઈ કાર્ય સોંપ્યું પરંતુ આપને તે આવડતું નથી, તો સીધુ ના ન પાડો, ના એટલે નાસ્તિક. એમને એ પૂછવું કે આ કાર્ય કઈ રીતે થશે ? જો આપ મને તેનો ઉપાય બતાવશો, તો તે પ્રમાણે કરીશ.
- ક્યારેય પણ કોઈ વાત બને તો એનું વાતાવરણ બનાવશો નહીં. ગંભીરતાનો ગુણ અપનાવો.
- પોતાના મતને જીવનમાં જવાબદાર બનાવશો નહીં. બાબાએ જીવન આપ્યું છે, તો એમને જ જવાબદાર સમજો તો મદદ મળશે. પોતાના મત તથા જવાબદારીથી બાપની મદદ તથા શક્તિ નહીં મળે.
- આ જ્ઞાનથી માત્ર પોતાનું પેટ ભરવાનું નથી પણ દુ:ખી લોકોને પણ શાંતિ આપવાનો ઉપાય કરવાનો છે. આ સર્વોત્તમ સેવા છે.
- પરમપિતા પરમાત્મા તો વિશ્વના રચયિતા છે તેઓ તો નવી દુનિયા બનાવવાનું કામ કરી જ લેશે પરંતુ બાળકો સ્વયં પોતાના વિકારોનો વિનાશ અને દૈવી ગુણોની રચના કરો. જેમ કોઈના શરીર પર કોઈ બોજ રાખ્યો હોય, તો તે જલદી જલદી ચાલી શકતો નથી. ધીરે ધીરે ચાલશે. આ રીતે તમારા મસ્તક પર પણ પાપોના બોજની ઘણી મોટી પોટલી છે. જો તમે જલદી જલદી ઉન્નતિ મેળવવા ઈચ્છો છો, તો પહેલાં પાપોની પોટલી ઉતારો. અર્થાત્ આત્માના પાછલાં પાપોને દગ્ધ કરો. તેની યુક્તિ એ છે કે શ્વાસોશ્વાસ પોતાના પરમપિતા શિવને યાદ કરો, એમની સાથે સર્વ સંબંધ જોડીને પૂરો અધિકાર પ્રાપ્ત કરો કે 21 જન્મો સુધી દૈવી સ્વરાજ્ય પ્રાપ્ત કરીને જ જંપીશું. આવો દૃઢ સંકલ્પ અંદરમાં પાક્કો હોય.
- કોઈ કોઈ આત્માને ઘડી ઘડી ભૂતકાળના જીવનની યાદ આવે છે જે કારણે તે આત્મા ખુશીમાં રહેતો નથી. મારે અંતરાત્માથી જોવાનું છે કે હવે મારે જૂનો ચોપડો ખતમ કરીને નવો ચોપડો (કર્મોનું ખાતું) બનાવવાનો છે. જો નવામાં જૂના પુરાણા સંકલ્પ વિકલ્પ ભેળવતા રહેશો તો તમારો જૂનો ચોપડો સાફ થશે નહીં અને નવો ચોપડો બની શકશે નહીં. એટલે જૂના માયાવી

સંકલ્પ-વિકલ્પ ભૂલાવી દો. પાસ્ટ ઈઝ પાસ્ટ (વીતી ગયું તે વીતી ગયું) તમારો નવો ઈશ્વરીય જન્મ થયો તો સદા ખુશીમાં રહો.

- સર્વીસ (ઈશ્વરીય સેવા) કરવાનો હેતુ પોતાના જીવનને આદર્શમય જીવન બનાવવાનો છે. જેનાથી અન્ય આત્માઓ ઉપર પ્રભાવ પડી શકે.
- હવે તમે સાચા રામની સાચી સીતાઓ બન્યાં છો તો રાવણની કોઈ પણ નિશાની પોતાની પાસે ના રાખો.
- બાળકો, આ જીવન તો હારજીતનો એક ખેલ છે. એમાં કોઈ પણ આત્મા સુખ-દુઃખ, હાર-જીત, માન-અપમાન, સ્તુતિ-નિંદાથી મુક્ત રહી શકતો નથી. શિવબાબાના જ્ઞાનને ગહનતાથી સમજો, યોગાભ્યાસ કરો, ટ્રસ્ટી બનીને કાર્ય વ્યવહાર કરતા રહો તો સ્વાભાવિક રીતે જ બધું ઠીક થઈ જશે.
- આ સમયે તો દરેક બ્રાહ્મણ (બ્રહ્માવત્સ) આત્માનો મુખ્ય પુરુષાર્થ જ છે નિરંતર આત્મિક સ્થિતિમાં સ્થિત થઈને પરમધામમાં બિન્દુ રૂપ બાપને યાદ કરવા. એમને કરાવનહાર સમજીને સ્વયંને નિમિત્ત સમજીને યજ્ઞસેવા સાચા દિલથી કરતા રહેવું.
- જેવું કર્મ હું કરીશ, આપણને જોઈને બીજા પણ કરશે.
- શિવશક્તિઓએ શક્તિરૂપ બનીને રહેવાનું છે. કોઈના અવગુણોને મનમાં રાખવાના નથી. વીતેલી વાતોનું ચિંતન કરવાનું નથી. ઈશ્વરીય સેવામાં જવા માટે કદી ના કહેવાનું નથી. બાબાનો પ્રેમ સેવા કરવાથી જ મેળવી શકશો.
- ઈશ્વરીય સેવા એ એવું મધુર અને શ્રેષ્ઠ બંધન છે જે સર્વ સ્થૂળ બંધનોને કાપીને ફેંકી દે છે.

પ્રશ્નોત્તર

પ્રશ્ન - ભોપાલના બ્ર.કુ. મહેન્દ્રભાઈએ માતેશ્વરીજીને પ્રશ્ન કર્યો. આપ આટલા ઉચ્ચસ્થાને પહોંચ્યા તો આપે વિશેષ કઈ વાતોનું ધ્યાન રાખ્યું હતું ?

માતેશ્વરીજીનો ઉત્તર -

1. મારો નિશ્ચય શિવબાબા તથા બ્રહ્માબાબામાં સદા અચલ, અટલ અને દૃઢ રહ્યો છે. હું બાબાની આજ્ઞાકારી, વફાદાર રહી અને ‘હા જી’નો પાઠ પાક્કો કર્યો. બાબાએ જે કહ્યું તેને કરવું જ છે.પછી ગમે તે થાય.
2. મેં કદી પણ બાબાની મુરલી (ઈશ્વરીય જ્ઞાન શ્રવણ) મિસ કરી નથી. પછી ગમે તેટલી વ્યસ્ત કેમ ના હોઉં. વચ્ચે સમય કાઢીને પણ મુરલી અવશ્ય વાચું છું અને ચિંતન કરું છું.
3. યજ્ઞમાં ભાવ સ્વભાવ, સંસ્કાર, વિઘ્નોની અનેક વાતો આવી પણ હું કોઈપણ પરિસ્થિતિમાં કદી રડી નથી. હું મનથી અને આંખોથી કદી પણ રડી નથી. કારણ કે રડવાથી સહનશક્તિ ઘટે છે.

॥ ઓમશાંતિ ॥

- **જે બાપના પ્રિય છે, એમનો અન્ય કોઈ વ્યક્તિ યા વૈભવથી પ્રેમ ના હોઈ શકે.**
- **શ્રેષ્ઠ કર્મનું જ્ઞાન જ શ્રેષ્ઠ ભાગ્યની રેખા ખેંચવાની કલમ છે.**

- **સ્વમાનમાં સ્થિત રહેનારો આત્મા બીજાઓને માન આપી આગળ ધપાવે છે.**
- **રુહાની શાનમાં રહેનારા કદી હદના માનશાનમાં આવતા નથી.**

દિવ્યદર્શન

જગતની ઉધ્ધારક આદિદેવી જગદંબા

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

મમતા કી હો મુરત.... જગદંબા તેરા નામ...

મમ્મા સર્વની મનોકામનાઓ પુરી કરનાર જગદંબા અને સર્વ વિદ્યા પ્રદાન કરનાર દેવી સરસ્વતી બન્યા -

બ્રહ્માકુમારીઝ સંગઠનની અને નારી અમરગાથામાં 24 જૂનનો દિવસ ખૂબ જ મહત્ત્વનો દિવસ ગણાય છે. જગતની માનવજાતનો ઉદ્ધાર કરનાર વિશ્વમાતા (World Spiritual Mother) માતેશ્વરી જગદંબા સરસ્વતીએ તારીખ 24 જૂન 1965ના રોજ પોતાના વિનાશી પાર્થિવ દેહનો ત્યાગ કરી, નવા જન્મનારા એડવાન્સ પાર્ટીમાં જઈ, વિશ્વ પરિવર્તનની ઈશ્વરીય સેવાનું પુણ્યકાર્ય શરૂ કર્યું. સ્વામી વિવેકાનંદની જેમ ખૂબ જ અલ્પ આયુષ્યમાં તેઓએ ઈશ્વરીય આદેશ અનુસાર, ત્યાગ-તપસ્યા-સેવા દ્વારા ઘણું સુંદર અને ભગીરથ કાર્ય કર્યું તેમણે હજારો આત્માઓની આત્મજ્યોત જગાવી. તેથી તેઓ આદ્યશક્તિ, આદિદેવી, શિવશક્તિ, જગતજનની જગદંબાનું બિરુદ પામ્યાં. માતેશ્વરી મમ્માની 53મી પુણ્યતિથિ પર મીઠી મમ્માને કોટી-કોટી સલામ - મમ્માનું જીવન ચરિત્ર બોધપ્રદ અજોડ છે.

માનવની રચના અર્થાત્ ઉત્પત્તિમાં ગૃહસ્થ જીવનમાં નર અને નારી જીવનરથનાં બે પૈડાં સમાન છે અથવા તો એમ પણ કહી શકાય કે, એક સિક્કાની બે બાજુઓ છે. નિરાકાર જ્યોતિલિંગમ્ શિવબાબાએ નૂતન મનુષ્ય સૃષ્ટિની રચનાના આદિકાળમાં સર્વ પ્રથમ જે નર અને નારીને પેદા કર્યા એ પ્રજાપિતા બ્રહ્મા તથા જગદંબા સરસ્વતી છે. અહીં એ સ્પષ્ટ સમજવા જેવું છે કે, આદિદેવી જગદંબા સરસ્વતી એ પ્રજાપિતા બ્રહ્માની મુખપુત્રી કે માનસપુત્રી છે. તેથી શાસ્ત્રોમાં સરસ્વતીને બ્રહ્માની દિકરી ઓળખવામાં આવે છે.

ભારતીય સંસ્કૃતિ 'વંદે માતરમ્'ની સંસ્કૃતિ છે. પ્રાચીન કાળમાં પણ નારીઓનું સ્થાન ખૂબ જ ઉંચું હતું તેથી જ કહેવાય છે કે, 'યત્ર નાર્યસ્તુ પૂજયન્તે, રમન્તે તત્ર દેવતા' ધન્ય છે. ભારત ભૂમિને ધન્ય છે ભારતની જનનીઓને કે જેમણે જગતના ઉદ્ધાર માટે અદ્વિતીય શાશ્વત સેવા કરી તથા અનેક મહાપુરુષોને આ દિવ્ય ભારતખંડમાં જન્મ આપ્યો. તેથી જે શિવશક્તિઓ અર્થાત્ દેવીઓનું ગાયન-પૂજન વર્ષમાં બે વખત નવરાત્રિ પર્વમાં (ચૈત્રી નવરાત્રી તથા આસો માસની નવરાત્રી) નવ નવ દિવસ થાય છે. જ્યારે કૃષ્ણ કે રામની જયંતી એક દિવસ જ મનાવાય છે. સર્વ શિવશક્તિઓમાં સૌ પ્રથમ સ્થાન કોનું ? તેઓ ક્યારે આવી ગયા ? તેમનું જીવન વૃતાંત શું છે ? તેમણે એવું શું મહાન કર્તવ્ય કર્યું ?

ગીતામાં આપેલા વાયદા મુજબ ધર્મગ્લાનિના સમયે ઈ.સ. 1936માં નિરાકાર પરમાત્મા શિવ ધરતી પર અવતરિત થઈને, સમાજમાં કચડાયેલી, દબાયેલી, તરછોડાયેલી, તિરસ્કૃત થયેલી માતાઓનો ઉદ્ધાર કરવા, જ્ઞાનનો કળશ કન્યાઓ - માતાઓ - બહેનોના મસ્તક પર મૂકવામાં આવ્યો. 'ૐ મંડળી'ની સ્થાપના સિંધ પ્રાંતમાં કરી, જે આગળ જતાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય

નામથી સંસ્થા સુપ્રસિદ્ધ થઈ. આ દિવ્ય અને ઈશ્વર રચિત સંસ્થાના વહીવટકર્તા તરીકે નિમવામાં આવેલ કન્યાનું મૂળ લૌકિક નામ 'રાધા' હતું. જેઓને 'ૐ રાધે' પણ કહેતા. સંસ્થામાં બ્રહ્માવત્સો તેમને 'મમ્મા' તરીકે સંબોધતા. મહિલા સશક્તિકરણનું ઉત્તમ કાર્ય તેમણે કર્યું.

મમ્માનો લૌકિક જન્મ અમૃતસરમાં સાધારણ પણ સુશીલ પરિવારમાં થયો હતો. તેઓ હિંદી ભાષા ઉપરાંત સિંધી, ગુરુમુખી અને અંગ્રેજી ભાષા પણ જાણતા હતા. તેઓ સ્કુલમાં ભણવામાં ખૂબ જ હોશિયાર અને તેજસ્વી વિદ્યાર્થિની હતા. વર્ગમાં પ્રથમ નંબર મેળવતાં તેમની યાદશક્તિ અદ્‌ભુત હતી. તેમનો કંઠ સુરીલો અને મધુર હતો. તેઓ વીણા (બેન્જો) વગાડવામાં પણ નિપુણ હતા. તેમનું શરીર સંતુલિત બાંધાવાળું ઘાટીલું હતું. તેમનાં તન અને મન બંને અતિસુંદર મનમોહક હતાં. તેમનાં નેત્રો કમળના ફુલ જેવા દિવ્ય લાગતા. કાળા રેશમી ઘુંટણ સુધીના ઘટાદાર લાબાં કેશ પણ તેમની અલૌકિક પ્રતિમામાં ચાર ચાંદ ઉમેરતા હતા. તેમના ચહેરા પર દિવ્ય તેજ હતું. તેઓ ચુંબકીય વ્યક્તિત્વ ધરાવતા હતા. તેઓ પવિત્રતા, સાદગી, સરળતા, કોમળતા, સહનશીલતા, સ્નેહ, નમ્રતા, હર્ષિતમુખતા જેવા ગુણોના અવતાર હતા. તેઓની વક્તૃત્વશક્તિ ગજબની હતી. 'કમખર્ચ બાલાનશીન' અર્થાત્ કરકસરતાપૂર્વક ઉત્તમ વહીવટ કરતા. તેઓ આધ્યાત્મિક શક્તિઓ (Spiritual Power)ના સ્ટોર હાઉસ હતા. તેમની નજીક (પાસે) જે કોઈ જતું તેને શાંતિ, શીતળતા, દિવ્યતાનો અનુપમ અનુભવ થતો. અલ્પાયુમાં જ તેમની વિલક્ષણ મેધાપ્રજ્ઞા, વાત્સલ્ય, અસીમ કરુણા, ત્યાગભાવ, માતૃત્વ પાલના, શિસ્ત અથાક પરિશ્રમ, માનવજાતની દિલથી સેવાની અપ્રતિમ ભાવના, દૃઢતા, અદમ્ય સાહસ, હિંમત અને દૃઢ પ્રભુ નિશ્ચયને કારણે તેમણે બાળકો, યુવાનો, વૃદ્ધો દરેકનું હૃદય જીતી લીધું હતું. પરિણામે બધા તેમને માતેશ્વરી કે જગદંબા કહીને પુકારતા હતાં. તેઓ બધાને કહેતા કે - એક વખત થયેલી ભૂલ બીજી વખત થવી ન જોઈએ કારણ કે ભૂલો આત્માની શક્તિનો હ્રાસ કરે છે એટલે કે ઓછી કરતાં કરતાં છેવટે નષ્ટ કરે છે. તેમના નેતૃત્વ હેઠળ બ્રહ્માકુમારીઝ સંગઠને અદ્‌ભુત પ્રગતિ કરી.

મમ્મા સર્વની મનોકામનાઓ પુરી કરનાર જગદંબા અને સર્વને વિદ્યા પ્રદાન કરનાર દેવી સરસ્વતી બન્યા. 28 વર્ષ સુધી લગાતાર નિરંતર યોગ સાધના અને ઈશ્વરીય સેવાનો અથાક પુરુષાર્થ કરી, બધા માટે પ્રેરણામૂર્ત, ઉદાહરણમૂર્ત (સેમ્પલ) બની, હજારો મનુષ્યાત્માઓના પથપ્રદર્શક બની, 44 વર્ષની યુવાન વયે તા. 24-06-1965ના રોજ વિનાશી દેહનો ત્યાગ કર્યો. સમગ્ર વિશ્વના બ્રહ્માકુમારીઝના 9500થી વધુ સેવાકેન્દ્રોમાં 24મી જૂન 'મમ્મા ડે' તરીકે મનાવવામાં આવે છે. પરમપિતા શિવ પરમાત્માએ આપેલ દિવ્ય જ્ઞાન મુજબ મમ્માનો આત્મા ભવિષ્યમાં આવનાર સ્વર્ણીમ યુગના પ્રારંભમાં પ્રથમ રાજકુમારી 'રાધા' તરીકે જન્મ લેશે અને યુવાવસ્થામાં સ્વયંવર બાદ રાજ્યાભિષેક વખતે 'શ્રી લક્ષ્મી' જેવા ચાર સ્વરૂપધારી મીઠી મમ્મા, આપને પુનઃ કોટી કોટી વંદન.

ચાહે જીતની લીખી જાએ, ચાહે જીતની કહી જાએ.
મહિમા થોડી હી ગાયે... માં કી જીતની કી જાએ...

॥ ઓમશાંતિ ॥

મારી સુખદ અમેરિકા યાત્રા

બી.કે. સુભાષ, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ

અમેરિકા સંબંધી વિચારો

બાળપણમાં પિતાજી કંઈક કામ બતાવતા હતા અને હું થોડા સમય પછી આવતો હતો ત્યારે તેઓ મને મજાકમાં કહેતા હતા 'શું તું અમેરિકા ગયો હતો ?' હું ધો. 5ની ભૂગોળ ભણતો હતો ત્યારે અમેરિકા વિશે જાણ્યું હતું. હું અમેરિકા જઈશ, એવું તો વિચાર્યું નહોતું.

હું બ્રહ્માકુમારી સંસ્થા સાથે જોડાયો

હું ભણતો હતો ત્યારે મારા મોટા ભાઈ અર્જુનજી આર્મીમાંથી બે માસની રજાઓ લઈ પહેલાં માઉન્ટ આબુ જઈને આવતા હતા. જ્યારે તેઓ મારા નાના ગામ ગુજરવાડી (સાતારા) પહોંચ્યા તો ચિત્ર-પ્રદર્શની, સાપ્તાહિક કોર્સ વગેરે પુસ્તકો લઈને આવ્યા હતા. એમને જ્ઞાનનો એટલો નશો ચઢી ગયો હતો કે પહેલા દિવસથી જ સાપ્તાહિક કોર્સ શરૂ કર્યો બે માસમાં એમણે ગીતા પાઠશાળા ચલાવવાની જવાબદારી સોંપી તેઓ મહુમાં આર્મીની સેવામાં ગયા.

હું 1983માં દસમા ધોરણની પરીક્ષા પાસ કરીને માઉન્ટ આબુમાં ભોલીદાદી પાસે પહોંચ્યો. સેવા કરતાં કરતાં મારી રજાઓ પૂરી થઈ. મારી સેવાઓથી સંતુષ્ટ થઈને 1986માં દાદી પ્રકાશમણિજીએ રાખી બાંધી સદાકાળ માટે સમર્પણની મંજૂરી આપી. આ દિવસ મારા જીવનનો અમૂલ્ય સમય હતો. વર્તમાન સમયે લૌકિક પરિવારમાંથી 60 સભ્યો બાબાના બન્યા જેમાં છ નો સમર્પિતમાં સમાવેશ થાય છે.

જ્ઞાન સરોવર

1995માં જ્ઞાનસરોવરનું નિર્માણ કાર્ય ઘણું

ઝડપથી ચાલી રહ્યું હતું. ત્યારે દાદીજીએ મને અને બ્ર.કુ. સૂર્યભાઈને જ્ઞાન-સરોવરની સેવા માટે મોકલ્યા. પ્રાકૃતિક સૌન્દર્યની વચ્ચે હોવાને લીધે જ્ઞાનસરોવર વિદેશી ભાઈ-બહેનોનું આકર્ષણ બની ગયું. વર્ષમાં પાંચ માસ વિદેશી ભાઈ-બહેનોની સેવા કરવાની તક મળી. 2008માં મને કેન્સરની મોટી બીમારીની પરીક્ષા આવી. બાબાએ મને સાજો કર્યો. 2013માં દુબઈ, સિંગાપુર, મલેશિયા, થાઈલેન્ડ જવાની તક મળી.

અમેરિકાનો કાર્યક્રમ

2016માં કોલ ઓફ ટાઈમ કાર્યક્રમ અંગે મારે બ્ર.કુ. મોહિનીબેન (અમેરિકા)ને મળવાનું થયું. તેમણે કહ્યું અમેરિકાના પીસ વીલેજમાં ક્યારે આવો છો ? ત્યારથી કાર્યવાહી કરતાં મને દસ વર્ષના વીઝા મળ્યા. 28 જૂન, 2017માં અમેરિકા જવાનું થયું. બ્ર.કુ. ભૂમિબેન અને બ્ર.કુ. મોહિનીબેને મને ઘણી મદદ કરી.

ન્યૂયોર્ક - 28, જૂન, સવારે 4.00 વાગે અમદાવાદથી નીકળીને રાત્રે 11.00 વાગે હાર્મની હાઉસ પહોંચ્યા. બ્ર.કુ. રામપ્રકાશભાઈના ફ્લેટમાં અમારી રહેવાની વ્યવસ્થા હતી. વર્લ્ડ ટ્રેડ સેન્ટરના સ્થળે ફ્રીડમ ટાવર બનીને તૈયાર થયું છે. જેની ઊંચાઈ 1776 ફૂટ છે. આ સ્થળ આકર્ષણનું કેન્દ્ર છે. નીચે રેલ્વે સ્ટેશન છે. આ ટાવરની ટોપ ગેલેરીથી ન્યૂયોર્ક સારી રીતે જોઈ શકાય છે.

વાહન વ્યવહાર - અહીં રોડ મોટા, પહોળા, સ્વચ્છ, આધુનિક સુવિધાઓથી સજ્જ છે. ટ્રાફીક ભંગ કરનારને દંડ ભરવો પડે છે. સામાન્ય જનતા અને વી.આઈ.પી. સૌને માટે એકજ વ્યવસ્થા છે. દરેક ઘરમાં અદ્યતન સુવિધાઓ હોય છે. એરપોર્ટ તથા રેલ્વે સ્ટેશન ઉપર સિક્યોરીટી ઘણી વધારે હોય છે.

પોલીસ - પોલીસ માટે આધુનિક સગવડો હોય છે. જરૂર પડે તેઓ હેલીકોપ્ટરનો પણ ઉપયોગ કરે છે. અકસ્માત વખતે પાંચ-દસ મિનિટમાં જ પોલીસ પહોંચી જાય છે. અને જરૂરી કાર્યવાહી થાય છે.

મોટા મોલ - અહીં દસ-બાર એકરમાં ફેલાયેલા મોટા- મોટા મોલ હોય છે. ખાવા-પીવાની ચીજોમાં શુધ્ધિ ઉપર વિશેષ ધ્યાન અપાય છે. ગુનો કરનારને સજા થાય છે. પેટ્રોલ પંપ (ગેસ સ્ટેશન) પર ફ્રીમાં જોઈએ તેવો આઈસ્ક્રીમ મળે છે. જેમાં 10-15 પ્રકારના આઈસ્ક્રીમ મળે છે.

ડોનેશન શોપ - ઘર વપરાશની જૂની ચીજો લોકો ડોનેશન શોપમાં આપે છે. તેમાં સુધારા, રીપેરીંગ કરીને નજીવી કિંમતે વેચાય છે. આ પૈસા ગરીબો માટે વપરાય છે.

અમેરિકા જવાનો યથાર્થ સમય અને જોવાલાયક સ્થળો

અમેરિકા જવા માટે જૂનથી સપ્ટેમ્બર સુધીનો સમય શ્રેષ્ઠ હોય છે. ક્યારેક ટ્રેઈન અને સ્થાનિક વિમાની સફરનું ભાડું સખું હોય છે. ફ્રાંસે મિત્રતાના પ્રતીક રૂપે લીબર્ટી સ્ટેચ્યુ ભેટ આપ્યું છે. જેની ઊંચાઈ 151 ફૂટ છે. જે તાંબાની ધાતુથી બનાવેલ છે. યુનોની ઓફિસમાં બ્રહ્માકુમારી સંસ્થાની પણ ઓફિસ છે. ન્યુયોર્કથી સો માઈલ દૂર બ્રહ્માકુમારી સંસ્થાનું 300 એકરમાં બનાવેલું પીસ વિલેજ રિટ્રીટ સેન્ટર છે. જે શાંતિની અનુભૂતિ કરાવે છે. વૈજ્ઞાનિક એડીસનની યાદમાં એડિસન મેમોરિયલ ટાવર બનાવ્યું છે. અમેરિકાનાં સ્વામિનારાયણ મંદિર ભવ્ય છે.

બોસ્ટનમાં સુપ્રસિદ્ધ હાર્વર્ડ યુનિવર્સિટી છે. જ્યાં સાયન્સ સીટી, બી.કે. ઈનરસ્પેસ, મોટી-મોટી લાયબ્રેરીઓ છે. અહીં રોડ ઉપરાંત પાણી પર ચાલનારી બસો છે.

વોશિંગ્ટન અમેરિકાની રાજધાની છે. અહીં અમેરિકાના પ્રમુખનું નિવાસસ્થાન વ્હાઈટ હાઉસ છે. અહીં 2000માં દાદી પ્રકાશમણિજીના સન્માનમાં વૃક્ષારોપણ થયું છે. અબ્રાહમ લિંકન મેમોરિયલ જોવા જેવું છે. અહીં 250 કરતાં યે વધુ જોવા લાયક મ્યુઝિયમ છે. ટેમ્પામાં રિવર ગાર્ડન તથા ટેમ્પા યુનિવર્સિટી જોવાલાયક છે. ઓરલેન્ડોમાં ડીઝનીલેન્ડ તથા યુનિવર્સલ સ્ટુડિયો પ્રસન્નતાની અનુભૂતિ કરાવે છે.

હ્યુસ્ટનમાં નાસાનું જોનસન સ્પેસ સેન્ટર તથા અંતરીક્ષમાંથી પાછાં આવેલાં શટલયાનનું મ્યુઝિયમ છે. અહીં સૌથી મોટી વોટર વોલ છે જ્યાંથી સતત પાણી વહ્યા કરે છે. ડલાસમાં અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ જહોન એફ. કેનેડીનું મ્યુઝિયમ તથા માછલી ઘર જોવા લાયક છે. ડેટ્રાઈટમાં ઘણી મોટી નદી છે. જે અમેરિકા અને કેનેડાને વિભાજિત કરે છે. ઈંડિયન પોલિશમાં ઘણું મોટું કાર રેસીંગ સ્ટેડિયમ છે. જૂની રેસકારનું પણ મ્યુઝિયમ છે.

સાનફ્રાંસિસ્કોમાં ઝૂલા જેવો બે ખાડીને જોડનારો ગોલ્ડન બ્રીજ છે. જેની લંબાઈ 8981 ફૂટ અને પહોળાઈ 90 ફૂટ, ઊંચાઈ 746 ફૂટ છે. જેનું ઉદ્ઘાટન 27 મે, 1937માં થયું હતું. મુરવુડ્સ નેશનલ મોન્યુમેંટ છે જ્યાં 380 ફૂટ ઊંચા, મોટાં

મોટાં વૃક્ષો છે. અહીં બેઝબોલ સ્ટેડિયમ છે. અહીંની વિધાનસભાની રાતની રોશની જોવાલાયક છે. સેંક્રામેન્ટોમાં ઘણો સુંદર ગુલાબ ગાર્ડન છે. અહીં ઘણી ઊંચાઈથી પડનારા યોશમિલ ફોલ્સ, સાગર જેવું સરોવર તોહા છે. જેમાં ભાડે લઈ સ્પીડ બોટ ચલાવી શકો છો.

મીલપિટ્સ - સિલિકોન વેલી નામે જાણીતું છે. જ્યાં ગૂગલ તથા એપલનું હેડ ક્વાર્ટર છે. લોસએંજિલ્સમાં જૂની કારોનું મ્યુઝિયમ છે. કોલ મ્યુઝિયમ, ચાઈના ટેમ્પલ અને હોલીવુડની પહાડી જાણીતી છે. જ્યાંથી આખું શહેર દેખાય છે.

લોસવેગાસ કેસીનોનું શહેર છે. અહીં વિશ્વમાં સૌથી મોટો સોલર પ્રોજેક્ટ છે. પાંચ સ્ટેટને પાણી પૂરું પાડે તેવો હૂવેર ડેમ છે. ગ્રેંડ કેનિયન- જેનું નામ સાત વન્ડરમાં છે. એક નદી દ્વારા કેટલાયે કિલોમીટર જમીન ચીરતી નદી વહે છે. જે જોવા લાયક છે. શિકાગોમાં સ્વામી વિવેકાનંદની યાદો જોડાયેલી છે. અહીંથી તેમણે ભારતની મહાન સંસ્કૃતિનો વિશ્વને પરિચય આપ્યો. અહીં સ્પીડ સ્ટીમર બોટ છે. તે જોવાલાયક છે. અહીં 1730 ફૂટ ઊંચુ વિલ્સ ટાવર છે. એના સ્કાઈડેકથી શિકાગો જોઈ શકાય છે. સિએટલમાં માઉન્ટ રેનરનો ઘણો મોટો બરફનો પહાડ છે. જે આકાશને સ્પર્શતી અનુભૂતિ કરાવે છે. અહીં નારદમુનિના નામનો પણ વોટરફોલ છે. માઈક્રોસોફ્ટ હેડ ક્વાર્ટર તથા સૌથી મોટાં વિમાન બનાવવાની બોઈંગ કંપની અહીં છે. સ્પેસ નિડલ સૌથી મોટું ટાવર છે.

અમેરિકા જતાં કેનેડા જવું જોઈએ. વાનકુંવરમાં પંજાબીઓ રહે છે. 150 વર્ષ જૂનો બૂચર્ટ ગાર્ડન તથા કૂશિરો પાર્ક જાણીતો છે. ટોરેન્ટોમાં સફારી તથા વિશ્વવિખ્યાત નિયાગ્રા ફોલ છે. આ રીતે અમારી યાત્રા ઘણી સુખદ અને સફળ રહી. ઈશ્વરીય સેવામાં, વ્યક્તિગત પુરુષાર્થમાં આનંદની અનુભૂતિ થઈ. બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્રોએ માર્ગદર્શન, પૂરી વ્યવસ્તા આપી પોતાનાપણાની લાગણી જન્માવી. સૌનો હૃદયપૂર્વકનો ખૂબ ખૂબ આભાર.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 34નું અનુસંધાન)... હકારાત્મક

એમના જીવનમાંથી શીખવાનું મળી રહ્યું છે.

મારી પાસે પૈસા નથી પણ મને ખબર છે કે મારી પાસે ઘણા પૈસા આવવાના છે. જેથી હું મારાં અને પરિવારના સભ્યોનાં સપનાં પૂરાં કરી શકીશ.

મારી સાથે હમેશા ખરાબ જ થાય છે. પણ પાછલા કેટલાક દિવસોથી જોઈ રહ્યો છુ કે સર્વ કાંઈ સારું જ બની રહ્યું છે. સમય જતા વધારે સારું થશે. આમ નકારાત્મક વિચારો પાછળ પણ, પરંતુ માં હકારાત્મક શબ્દો બનાવી દો. આ બધું આપે એકાંતમાં રહીને ચિંતન કરવાનું છે. આપે પોતાના વિચારો ઉપર ધ્યાન આપવાનું છે. આપે જાગૃત રહીને એ જોવાનું છે કે આપના વિચારો હકારાત્મક છે કે નકારાત્મક. નકારાત્મક વિચારો આવે, તો તેને તરત જ હકારાત્મક વિચારોમા બદલી દો. તમે હકારાત્મક વિચારો કરશો તો તમારું અવચેતન મન (Subconscious mind) તેને સાચું માનશે આપના જીવનમા હકારાત્મક વિચારો મુજબનો અનુભવ કરાવશે.

તમામ ચીજોના અભ્યાસથી તમે સારું કરી શકો છો. અભ્યાસથી વિચારોને પણ હકારાત્મકમાં બદલી શકો છો.

॥ ઓમશાંતિ ॥

રાજયોગ દ્વારા શક્તિઓની પ્રાપ્તિ

રાજયોગિની બ્ર.કુ. ચંદ્રિકાબેન, મહાદેવનગર, અમદાવાદ

યોગનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં આત્માની ઓળખ એ પ્રથમ પગથિયું છે. આત્માના મુખ્ય ગુણોમાં એક ગુણ એટલે કે આત્મા શક્તિસ્વરૂપ છે. આત્મા પોતે એક ચૈતન્ય શક્તિ છે, અને હું આત્મા છું એ સ્પષ્ટ જ્ઞાન પ્રાપ્ત થતાં આત્માની સંકલ્પશક્તિ અને વિવેકશક્તિ જાગ્રત થાય છે. યોગી રાજયોગ દ્વારા ભવિષ્યમાં તો જીવન મુક્ત દેવપદ પ્રાપ્ત કરે જ છે, પરંતુ એટલું જ નહિ, વર્તમાન સમયમાં યોગ અભ્યાસ દ્વારા જીવનમાં અનિવાર્યપણે આવશ્યક અને બહુમૂલ્ય એવી શક્તિઓનો ખજાનો પણ પ્રાપ્ત કરે છે. આત્મામાં ત્રણ પ્રકારની શક્તિઓ મુખ્ય કાર્ય કરે છે. સાકાર શક્તિઓ જેમ કે બોલવાની શક્તિ, સાંભળવાની શક્તિ, કર્મ કરવાની શક્તિ. આ બધી જ આત્માની કર્મ ઈન્દ્રિયો દ્વારા કાર્ય કરતી શક્તિઓ છે. ભોગી આત્માની આ શક્તિઓ ભોગવિલાસના માર્ગે વપરાય છે. જ્યારે યોગી કર્મ ઈન્દ્રિયો દ્વારા શક્તિઓને પોતાનામાં ભરે છે. જેમ કે ભોગી સિનેમા જોઈને શક્તિ વાપરી નાખે છે. ત્યારે યોગી પવિત્ર આત્માઓની નિર્મળ દૃષ્ટિથી શક્તિ ભરે છે. ભોગી વાણીના વ્યર્થ વ્યવહારથી બોલવાની શક્તિનો ખોટો ઉપયોગ કરે છે ત્યારે યોગી વાણી દ્વારા જ્ઞાન-દાન કરી તેમાંથી પ્રાપ્ત થતી ખુશી દ્વારા શક્તિ ભરે છે. ભોગી સંસારની વાતો, પરચિંતનની વાતો, નિંદા-કુથલીની વાતોમાં સમયને વ્યર્થ કરે છે. ત્યારે તે સમય દ્વારા યોગી જ્ઞાન શ્રવણ દ્વારા શક્તિઓનો ખજાનો ભરે છે. આમ, ભોગી શક્તિઓનો વ્યય કરે છે ત્યારે યોગી એક તરફ શક્તિઓ જમા કરે છે અને અન્ય તરફ સાકાર કર્મ ઈન્દ્રિયો દ્વારા સેવા દ્વારા આત્મામાં શક્તિઓનો સદુપયોગ કરે છે. યોગ દ્વારા શક્તિની પ્રાપ્તિની વાત સાંભળતા ઘણી વાર ચમત્કારી સિદ્ધિનો ખ્યાલ આવી જાય છે. જેમ કે દૂરના દૃશ્યનું દર્શન કરવું, દૂર રહી ધારેલા સ્થળના અવાજો સાંભળવા, પાણી પર ચાલવું અને હવામાં ઊડવું અથવા દૂર રહી પદાર્થની ગતિ વિચારમાત્રથી નિયંત્રિત કરવી વગેરે. પરંતુ જેણે આવી અનેક વિભૂતિઓનું પોતાનાં શાસ્ત્રોમાં વર્ણન કર્યું છે તે ઋષિ પતંજલિએ પોતે જ આવી સિદ્ધિઓને બાધક તથા આધ્યાત્મિક પ્રગતિમાં પીછેહઠ કરાવનારી ગણી છે ત્યારે ખરેખર યોગ દ્વારા આત્માની જે શક્તિઓને વિકસાવવામાં આવે છે તે મનબુદ્ધિની શક્તિ, વિચાર-સંકલ્પની શક્તિ, દૃઢતાની શક્તિ, જીવન પરિવર્તનની શક્તિ, નિર્ણય કરવાની શક્તિ, પરખશક્તિ, સહન કરવાની શક્તિ અને સામનો કરવાની શક્તિ, આમ રાજયોગ દ્વારા ઘણી બધી શક્તિઓ આવે છે. હવે આ એક એક શક્તિની ધારણા જીવનમાં કેમ કરવી તેના ઉપર આપણે જોઈશું. દા.ત. સહનશીલતા, દિનપ્રતિદિન સંબંધની સ્વસ્થિતિ અને પરિસ્થિતિની વિષમતાઓ વધતી જાય છે. તેને પહોંચી વળવા માટે સહનશીલતા ખૂબ જરૂરી છે. સહનશીલતા એ મહાનતાની નિશાની છે, અને તેનાથી જ્ઞાન અને યોગની અવસ્થાની પરીક્ષા થાય છે. અનેક સંતો અને મહંતોએ સહનશીલતાના ઉદાહરણ પૂરાં પાડ્યાં છે. પરંતુ આપણે તો પ્રવૃત્તિમાં રહી આ શક્તિને

પ્રાપ્ત કરવાની છે. માટે એમ સમજવું જોઈએ કે આ વિશ્વ એક બેહદનું નાટક છે. દરેક આત્માઓ પોતાના સંસ્કારો પ્રમાણે ખેલ ભજવી રહ્યા છે. મારો ખેલ એ સાક્ષી ભાવે ગુણદાન અને જ્ઞાનદાનનો છે. જેમ આંબાના વૃક્ષ પર પથ્થર મારવામાં આવે તો તે સામેથી કેરી આપે છે, અપકારના બદલામાં ઉપકાર કરે છે. મીરાંએ વિષનો પ્યાલો પી લીધો, ઈશ્વરના સ્નેહ ખાતર તેણે માન-અપમાનને પણ સહી લીધાં. તેમ સહનશીલતા આત્માઓમાં ક્ષમાનો ગુણ વિશેષ ભાવે હોય છે. તેઓ બદલો નથી લેતા પરંતુ અપકારીને ઉપકારથી, નિંદકને મહિમાથી, અસફળતાનું પરિણામ સફળતા દ્વારા આપી પોતાનાં શ્રેષ્ઠ કર્મોથી સહનશીલતાનું ઉદાહરણ પૂરું પાડે છે. માટે જ કહેવાય છે કે, 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' આવા સહનશીલ આત્માઓ ક્ષમાશીલ હોય છે ક્ષમા એ વીરોનું ભૂષણ છે. સહનશીલતા એ જીવનનો સર્વશ્રેષ્ઠ શૃંગાર છે. તેનું ઉદાહરણ ક્રાઈસ્ટે, પણ આપ્યું છે, કે જ્યારે તેમને ક્રોસ પર ચઢાવવામાં આવ્યા ત્યારે તેમણે કહ્યું કે, 'પ્રભુ ! આ આત્માઓને ક્ષમા કરો - માફ કરો.' એનાથી આગળ જે સહનશીલ છે, જેની બુદ્ધિમાં સદૈવ ઈશ્વરનું સ્મરણ છે તેનામાં બીજી મહત્વની શક્તિ આવે છે તે સમાવવાની શક્તિ. જેમ સાગર તેના ઉદરમાં બધું સમાવી લ છે તેમ યોગીનાં ચિત્ત અને વૃત્તિ પણ વિશાળ, ગહન અને સ્થિર હોવાના કારણે તે માન, અપમાન, સ્તુતિ, નિંદા, સુખ, દુઃખમાં સમાન રહે છે. ગુણીએ તેના ગુણ ન છોડવા જોઈએ.

ગુણોથી અન્યમાં પરિવર્તન ન લવાય તો જ્ઞાન અને યોગની કસોટી કઈ ? પરમાત્માએ ઉદાર દિલથી માનવના કેટલા અપકાર સહન કરી લીધા છે. જેવી રીતે બીમાર તરફ રહેમદિલ બનીએ છીએ તેમ અવગુણી લોકો પર પણ દયાભાવ બતાવવાનો છે. આમ યોગીનું દિલ સાગર જેવું વિશાળ હોવાને કારણે તે પોતાની બુધ્ધિની ગુહ્યતામાં સઘળું સમાવી લે છે. પરમાત્માને યાદ કરતાં કરતાં ત્રીજી અને ખૂબ જ આવશ્યક શક્તિ જે જીવનના દરેક ક્ષેત્રમાં જરૂરી છે એવી નિર્ણયશક્તિ આવે છે. સામાન્ય માનવી નાની નાની વાતમાં મૂંઝવણ અનુભવતો હોય છે. આ કરું કે ન કરું ? શું કરું અને કેમ કરું ? શું કરવાથી કયું પરિણામ આવશે? આવી મૂંઝવણોમાં માનસિક શક્તિનો વ્યય કરે છે. જીવનની સફળતા અને નિષ્ફળતાનો આધાર નિર્ણયશક્તિ ઉપર છે. જ્ઞાન અને યોગ દ્વારા જ્યારે મન સ્થિર અને પવિત્ર થાય છે અને બુદ્ધિ સતોપ્રધાન બને છે ત્યારે બુદ્ધિ સચોટપણે નિર્ણય લઈ શકે છે. એમ કહેવાય છે કે ડોક્ટરની સાથે રહેતાં રહેતાં કમ્પાઉન્ડર પણ ડોક્ટર બની જાય છે તેવી જ રીતે પરમાત્માની યાદમાં રહેતાં યોગી પણ પરમાત્મા જેવી જ નિર્ણયશક્તિવાળો બની જાય છે અને પછી તેના જીવનમાં આ પ્રશ્ન નથી રહેતો કે શું કરું અને શું ના કરું. વળી જ્ઞાનદૃષ્ટિથી તેને એટલી સ્પષ્ટ સમજ હોય છે કે આ સૃષ્ટિ એક નાટક છે. અને એ નાટકની અંદર દરેક વસ્તુ ગતિવિધિ પ્રમાણે થયા જ કરે છે. આમ, પોતાને નાટકનો એક પાર્ટધારી સમજવાને કારણે સ્થિતપ્રજ્ઞની સ્થિતિમાં તેના દરેક નિર્ણયો સ્પષ્ટ જ્ઞાનયુક્ત વિવેકબુદ્ધિથી કરેલા હોય છે. માટે સફળતા તેનાં ચરણોમાં ઝૂકેલી હોય છે, આમ, યોગ દ્વારા ખૂબ જ સુંદર નિર્ણયશક્તિ પ્રાપ્ત થાય છે. નિર્ણય કર્યા પછી માનવીએ પોતાના જીવનમાં કરવાનાં કાર્યોની અંદર, વ્યવહારમાં જ્યારે તે અન્ય સાથે સંપર્કમાં આવે છે ત્યારે તેને વ્યક્તિની પરખ, પરિસ્થિતિની પરખ અને પોતાની પરખ ખૂબ આવશ્યક છે. યોગી પરમાત્માની યાદમાં રમણ કરે છે. માટે તેની

બુદ્ધિ સ્વચ્છ થઈ જાય છે. જેમ હીરાપારખુ ઝવેરી હીરાને પારખી શકે છે, હીરાનું મૂલ્ય કાઢી શકે છે, તે પ્રમાણે એક યોગી પરમાત્માને યાદ કરતાં કરતાં સ્વચ્છ બુદ્ધિને ધારણ કરે છે. આ સ્વચ્છ બુદ્ધિ દ્વારા તે વ્યક્તિની પરખ, પરિસ્થિતિની પરખ, પ્રસંગોની પરખ સહજભાવે કળી જાય છે. અને તે પ્રમાણે વ્યવહાર કરવાને કારણે જીવનમાં સફળતાનો અનુભવ કરે છે. જ્ઞાન અને યોગથી પવિત્ર બનેલી બુદ્ધિ દર્પણનું કામ કરે છે. પરખશક્તિમાં જ વિવેકશક્તિ રહેલી છે. તેના આધારે યોગી રાજહંસની જેમ નીરક્ષર, સારાં-નરસાંને અલગ કરી યોગ્યની પસંદગી કરે છે. વિવેકથી ભ્રષ્ટ થયેલા આત્માઓનું પતન થાય છે. પરંતુ આ પરખશક્તિ વિવેક દ્વારા પ્રાપ્ત થતા આનંદને સદા અનુભવાવે છે. આનાથી આગળ જોઈએ તો વ્યક્તિના જીવનમાં એક મહત્ત્વની શક્તિ તે છે સામનો કરવાની શક્તિ. જીવનમાં ચોર, ડાકુ, નિષ્ફળતા વગેરે ભયનો તો સામનો કરવા પડે છે. પણ તેમાં સૌથી વિશેષ ડર પોતાના અથવા કોઈના મૃત્યુનો છે. વાસ્તવિક રૂપે અજર-અમર-અવિનાશી આત્માને ભય શું હોય ? પરંતુ સર્વભયનું કારણ શરીર અને તેના ધર્મો છે. ડર તો શરીરનો પડછાયો છે. ભયનાં તરંગો અન્યને પણ ડરાવે છે. આત્મિક સ્મૃતિ, અભય દ્વારા કોઈ પણ ભયનો હસતા મુખે સામનો કરી શકાય છે. વળી મૃત્યુ એ તો જીવનનો ક્રમ છે. જે જન્મ્યુ છે તે મરવાનું જ છે. સૂર્ય ઊગે છે તે આથમવાનો જ છે. આમ, સૃષ્ટિના ક્રમની અંદર પરિવર્તન નથી થવાનું માટે વ્યક્તિએ તેની સમજશક્તિમાં ફરક કરવો પડશે. શરીર એ એક વસ્ત્ર પરિધાન અને વસ્ત્ર-પરિત્યાગની ક્રિયા છે. તો આત્મા શરીર છોડે, મૃત્યુશૈયા પર જાય તો તેમાં શોક કરવાને કોઈ કારણ નથી. કારણ આ જન્મનાં સંબંધો સાથે તેનો હિસાબ પૂર્ણ થાય છે. આ વિશાળ સૃષ્ટિના એક રૂમમાંથી બીજા રૂમની અંદર તે પોતાના જીવનનું કાર્ય શરૂ કરે છે. મૃત્યુ એ જીવનનો અંત નથી પરંતુ તે નવા જીવનની શરૂઆત છે તેથી જ્યારે આપણો સંબંધી કોઈ અન્ય પરિવારમાં એક લાડકવાયું સંતાન બનીને જાય તો આપણને ખુશી થવી જોઈએ. તેના સુખે સુખી થવું જોઈએ, ન કે દુ:ખી. પણ અહો ! વિધિની વિચિત્રતા કેવી છે કે તે આત્મા જે ઘરમાં જઈ આનંદ માણે છે, મીઠાઈઓ વહેંચાય છે, આનંદના ગીત ગવાય છે, ત્યારે આપણે શોકના રોદણાં રડીએ છીએ. આવા પ્રસંગે જો માત્ર આપણને એટલું જ યાદ રહે કે તે આત્મા છે. આત્મા અજર-અમર-અવિનાશી છે. તે ક્યારેય મૃત્યુને પામતો નથી. મૃત્યુ એ તો શરીર છોડવાની ક્રિયા માત્ર છે. તો મૃત્યુ જેવા મહાન ભયનો સામનો પણ નિર્ભય આત્મા કરી શકે છે. વળી જીવનમાં સારા-નરસા પ્રસંગે વ્યક્તિને અન્યના સહયોગની જરૂર પડે છે, અને સહયોગ આપવાની પણ જરૂર પડે છે. યોગી ઈશ્વર પછી બીજા જ નંબરે ગણાય છે. પરમાત્મા વિશ્વ પરિવર્તનમાં પોતાનો સહયોગ આપે છે. યોગી એટલું સ્પષ્ટપણે જાણે છે કે આ વિશ્વપરિવર્તનનું કાર્ય એ વિશ્વના દરેક આત્માઓનું છે. સહયોગરૂપી એક એક આંગળીથી જ આ નર્ક એ સ્વર્ગ બને છે. અહીં આપની પાસે પણ એક આંગળી માંગવાની હિમ્મત કરું તો અચકાતા નહીં.

ઈશ્વર પોતાનાં બાળકો પાસે એક જ આંગળી માગે છે કે બાળક, તું એક પવિત્ર-યોગી બની જા. માત્ર તારા જીવનને જ યોગી બનાવવાનો સહયોગ આપ તો એક એક કરતાં અનેકનું જીવન એવું દિવ્ય બની જશે. આમ, યોગ દ્વારા સહયોગની શક્તિ આવે છે. એનાથી આગળ

જોઈએ, કળિયુગી સંસારમાં વિસ્તરેલી મોહજાળ અને માયાજાળ એ બધું આપણે ક્યાં સાથે લઈ જવાના હતા? આ બધાથી બુદ્ધિને સમેટવાની છે. યોગ દ્વારા આ સમેટવાની શક્તિ કેવી રીતે આવે? ઉદાહરણ તરીકે જોઈએ તો કાચબો એક અતિ સાધારણ પ્રાણી છે. પણ તેનામાં એટલી સમજ છે કે કાર્ય કરતી વખતે તે ઈન્દ્રિયોને ખોલે છે, અને કાર્ય સમાપ્ત થતાં તે પોતાની ઈન્દ્રિયોને સમેટી લે છે.

શિવ મહાદેવના મંદિરમાં કાચબાને અગ્રસ્થાને બતાવવામાં આવે છે, તેનું કારણ એક જ છે કે જેમ કાચબો એ ઈન્દ્રિયોને સંકેલી લે છે તેમ આપણે પોતાની કર્મ-ઈન્દ્રયોને સંકેલી લઈએ, વિસ્તારને સમાવી લઈએ, અને પોતાની અંદર શ્રેષ્ઠ કર્મો શ્રેષ્ઠ સંસ્કારોને ભરી લઈએ. કાચબો એ આપણને ઈન્દ્રિયો પર સંયમનો અને વિસ્તારને સંકોચવાનો પાઠ ભણાવે છે. આપણે પણ કાર્ય કરતી વખતે હું આત્મા શરીર દ્વારા કાર્ય કરું છું. અને કાર્ય પૂરું થયું એટલે ‘હું આત્મા છું.’ એ સ્મૃતિમાં સ્થિત થઈ જવું જોઈએ. દિવ્ય જીવન વારંવાર નથી મળતું. વળી આ ક્ષણ વહી ગયા પછી પાછી આવતી નથી. એને માટે સફળતાની શક્તિ પ્રાપ્ત થાય એ દરેક ઈચ્છે છે. પરંતુ આ સફળતાની શક્તિ માટે એકાગ્રતાની શક્તિની આવશ્યકતા છે. અર્જુનને મત્સ્યવેધ કરવાનો હતો ત્યારે પૂછવામાં આવ્યું કે તને શું દેખાય છે. ત્યારે તેણે જણાવ્યું કે માછલીની એક આંખ જ મને દેખાય છે. આવી એકાગ્રતાથી તે મત્સ્યવેધમાં સફળ થયો. તેવી જ રીતે જીવનમાં લક્ષ્ય તરફ એકાગ્રતા હોય, બુદ્ધિમાં કાર્ય પરત્વેનું પૂર્ણ ધ્યાન હોય તો આ શક્તિ સહજ રીતે આવે છે. વળી આત્મા સમજીને પરમાત્માને યાદ કરવા, પોતાને એક જ્યોતિર્મય બિંદુ સમજવું અને આત્મિક મનન દ્વારા એકાગ્રતાને ધારણ કરવી એ ખૂબ સરળ બની જાય છે. એનાથી આગળ જોઈએ તો, આ વિશાળ સંસારની અંદર આપણે આપણી જાળ પ્રસારીને બેઠા છીએ. મન અનેક પ્રકારનાં સંબંધોમાં, પ્રલોભનોમાં, સાધનોમાં અને સિદ્ધિઓમાં વહેંચાઈ ગયેલું છે. પરંતુ જ્યારે આપણે જઈશું ત્યારે આમાંનું કોઈ જ સાથે આવવાનું નથી. બધું જ સમેટીને ચાલ્યા જવું પડશે. જેમ એક મુસાફિર એક શહેરથી બીજા શહેર તરફ ભ્રમણ કરે તો તે પોતાના બોરી બિસ્ત્રાને સમેટી લે છે. આપણે પણ ઘરમાંથી બહાર જઈએ તો આખું ઘર ઊંચકીને નથી જતા, માત્ર આવશ્યક ચીજો સાથે લઈ લઈએ છીએ. ઈશ્વરીય જ્ઞાન અને પરમાત્માની યાદ દ્વારા આપણે એટલું તો સ્પષ્ટપણે કહી શકીએ કે કદાચ સંબંધો, સંપત્તિ, સાધનોને સાથે ન લઈ જઈ શકીએ, પરંતુ સંબંધો સાથેના શુદ્ધ વ્યવહારથી શ્રેષ્ઠ સંસ્કારોને, સાધનો અને શક્તિ દ્વારા કરેલી આત્માઓની સેવા દ્વારા કલ્યાણના સંસ્કારને તથા પરમાત્મા માટે કરેલા સમર્પણ ભાવથી વિનાશી વસ્તુઓને, અવિનાશી સંસ્કારના સ્વરૂપે સાથે લઈ જઈ શકીએ. તેથી હવે મારે કહેવું જોઈએ કે આ સૃષ્ટિ નાટકનો અંતિમ સમય ચાલી રહ્યો છે. કળિયુગના અંતિમ સમયમાં હળાહળ દુઃખોના કાળમાં આપણે જીવી રહ્યા છીએ. કાળનો પંજો ક્યારે આ કળિકાળને ખતમ કરી નાખશે તેનો કોઈ ભરોસો નથી, માટે નવીન શક્તિ, નવીન વિચારો, નવજીવન તરફ પગલાં પાડવા માટે ગઈકાલ સુધીના જીવનને સમેટી લઈએ. આજે નવો વિચાર, નવો સંકલ્પ, નવી શક્તિ અને દિવ્યતાઓને ધારણ કરીએ. તે આવશે યોગ દ્વારા. યોગી જીવનમાં સર્વ શક્તિઓની પ્રાપ્તિ સહજ રીતે જ થાય છે. કારણ કે પરમાત્મા એ જ સર્વશક્તિવાન છે. જેમ ડીસ્ચાર્જ થયેલી બેટરીને રિચાર્જ કરવા માટે જનરેટર સાથે

(અનુસંધાન પેજ નં. 15 પર)

હકારાત્મક વિચાર

બ્ર.કુ. વિશ્વનાથ

આપણે જે વિચારીએ છીએ તેવા બની જઈ છીએ.

લો ઓફ એટ્રેક્શન (LOA) અર્થાત્ આકર્ષિત કરવાનો નિયમ કહે છે કે આપણે જે પણ વિચારી છીએ એને આપણા જીવનમાં આકર્ષિત કરીએ છીએ. પછી ભલે તે ચીજ સારી હોય કે ખરાબ.

દા.ત. જો કોઈ વિચારે છે કે પોતે હમેશા પરેશાન રહે છે. બીમાર રહે છે. અને નાણાનો અભાવ રહે છે. તો અસલ જિંદગીમાં પણ એવું સેટ થાય છે એને પોતાની જિંદગીમાં પરેશાની, બીમારી અને તંગીનો સામનો કરવો પડે છે.

ત્યાં બીજી બાજુ જો એમ વિચારે છે કે પોતે ખુશહાલ છે. આરોગ્ય સારું છે અને એની પાસે ખૂબ પૈસા છે. તો આકર્ષિત કરવાના નિયમ પ્રમાણે એની અસલ જિંદગીમાં પણ એને ખુશહાલી, સારું આરોગ્ય અને સમૃદ્ધિ મળે છે. વાસ્તવમાં આપણે જેવું વિચારીએ છીએ તેવા બની જઈએ છીએ.

આપણે અત્યારે જે છીએ તેને આપણા વિચારોએ બનાવ્યા છે. તેથી તમે શું વિચારો છો તેનું ધ્યાન રાખો. શબ્દ ગૌણ છે. પણ વિચાર રહે છે, જે ઘણી દૂર સુખી યાત્રા કરે છે. જેઓ આકર્ષિત કરવાનો નિયમ જાણે છે તેઓ સમજે છે કે હકારાત્મક વિચારવું ઘણું જ જરૂરી છે. નકારાત્મક વિચાર આપણી જિંદગીને હકારાત્મક વિચારોથી દૂર લઈ જાય છે. હકારાત્મક વિચાર જીવનમાં ખુશીઓ લાવે છે. માણસને ખબર પડે કે એના વિચારો કેટલા મહત્ત્વપૂર્ણ છે, તો તે કદી નકારાત્મક વિચારશે નહીં. શું હમેશા હકારાત્મક વિચારવું શક્ય છે.

અહીં પણ, પરંતુ જેવા શબ્દો નકારાત્મક વિચારોમાં વપરાય છે.

આપ લોકોને એવું કહેતા સાંભળો છો

હું સફળ થઈ જતો પરંતુ... બધું સારું ચાલી રહ્યું હતું પણ.. વગેરે વગેરે.. આ શબ્દોનો ઉપયોગ નકારાત્મક વાક્યોના અંતમાં લગાવીને તેને હકારાત્મકતામાં બદલી શકીએ છીએ.

કેટલાંક ઉદાહરણો

જેમ કે આપના મનમાં વિચાર આવે કે દુનિયા ઘણી ખરાબ છે. આ વાક્ય પછી તમે અટકી જશો નહીં. સ્વીકારો કે તમે નકારાત્મક વાક્ય બોલ્યા છો. એટલે તરત જ સાવધ બની જાઓ. ઉપરના વાક્યને આ રીતે પૂરું કરો. દુનિયા ઘણી ખરાબ છે પણ હવે ચીજો બદલાઈ રહી છે. ઘણા સારા માણસો સમાજમાં સારાં બીજ વાવી રહ્યા છે. હવે બધું સારું થઈ રહ્યું છે.

હું ભણવામાં નબળો છું. પરંતુ હવે મેં મહેનત શરૂ કરી દીધી છે. હવે હું અભ્યાસમાં સારો બની જઈશ.

મારા બોસ સારા નથી પણ હવે તે ધીરે ધીરે બદલાઈ રહ્યા છે. એમનામાં જ્ઞાન પણ ઘણું છે. મને

(અનુસંધાન પેજ નં. 29 પર)

Printed by BK Sarlaben R. Somiya and Published by BK Ushaben B. Vajani for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, 1, Chaturbhuj Colony, Rajyoga Bhawan, Kankaria, Ahmedabad - 380 028. Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.

મુંબઈ ભાયદંરમાં 'જ્યોતિલીંગ મેળા'ના કાર્યક્રમમાં બ્ર.કુ. દિવ્યાબેન, બ્ર.કુ. ભાનુબેન, પાર્શ્વગાયક રાજેશભાઈ, ટીવી કલાકાર રાજેશ શર્મા, ક્રાઈમ પેટ્રોલના ટીવી કલાકાર ઈરફાનખાન, PI ભ્રાતા સુરેશભાઈ.

લાડોલ ખાતે હરસિધ્ધ માતાના મંદિરમાં આયોજીત મહારુદ્ર યજ્ઞમાં ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. ઉષાબેન. બાજુમાં બ્ર.કુ. સાવિત્રીબેન,બ્ર.કુ. ચંપાબેન.

ગોંડલમાં 'બાલ વ્યક્તિત્વ શિબિર'ની વિવિધ પ્રવૃત્તિઓ બાદ બાળકો સાથે બ્ર.કુ. ભાનુબેન, બ્ર.કુ. શીતલબેન, બ્ર.કુ. ધર્મેશભાઈ.

ભૂજ-કચ્છમાં આર.એસ.પી. સ્કુલના વિદ્યાર્થીઓને 'માઈન્ડ પાવર'ની ટીપ્સ આપ્યા બાદ આચાર્ય ભ્રાતા વિજયભાઈ, બ્ર.કુ. ડૉ.ડોનિકાબેન.

નવસારીમાં હેલ્થ સેન્ટર દ્વારા આયોજીત 'ત્રીદિવસીય યોગા શિબિર'માં ઈશ્વરીય સંદેશ આપ્યા બાદ બ્ર.કુ. મુકેશબેન સાથે ટ્રસ્ટી ભ્રાતા સતીષભાઈ પંડ્યા, યોગા ટ્રેનર સારંગાબેન ગોગોઈ.

માળીયા-હાટીનામાં 'નેશનલ મેન્ટલ હેલ્થ' કાર્યક્રમમાં દીપ પ્રગટાવતાં સામાજીક કાર્યકર્તા ભ્રાતા દેવજીભાઈ બેરા. બાજુમાં મોહનભાઈ ગાંધી, ડૉ. આશિષભાઈ પરમાર, ડૉ. હેતલબેન, બ્ર.કુ. ગીતાબેન.

પોરબંદર અંજલીપાર્ક સેવાકેન્દ્ર દ્વારા અમર જ્યોતિ આશ્રમના સ્વામી દેવસ્વરુપજીને ઈશ્વરીય સાહિત્ય આપતા બ્ર.કુ. સવિતાબેન.

ભૂજ-કચ્છમાં કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના 'સમાજ રત્ન' ભ્રાતા વિનોદભાઈનું સન્માન કરતાં બ્ર.કુ. રીનાબેન બલવંતભાઈ, મોહનભાઈ.

Gyan Amrit Vol.11 | Issue 6 | June 2018 | Retail Price - 10/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2017-2019 Vaild up to 31st December-2019 Issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

અમદાવાદ બોપલ સેવાકેન્દ્ર દ્વારા આયોજીત 'વિચારોનો જાદુ' કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતાં બ્ર.કુ. શિવાનીબેન, સ્વામી અધ્યાત્માનંદજી, સેક્રેટરી અગ્રસેન ફાઉન્ડેશન ભગિની વંદનાબેન રાણા, ટ્રસ્ટી ભ્રાતા ચંપાલાલ જૈન તથા બ્ર.કુ. શોભનાબેન.

મહેસાણામાં 'સુખાકારી માટે હકારાત્મક લાગણીઓની ચાવી' વિષય પર આયોજીત ડૉક્ટર્સ સ્નેહમિલન કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતાં બ્ર.કુ. ડૉ.પ્રેમ મસંદ, બ્ર.કુ. સરલાબેન, ડૉ. બાબુભાઈ, ડૉ. અનિલભાઈ, ડૉ. પંચોલીભાઈ, ડૉ. દામિનીબેન.

વલસાડ નગરપાલિકામાં નવનિયુક્ત મેયર પંકજભાઈ આહીર, ડેપ્યુટી મેયર ઉર્મીબેન દેસાઈ, કૉરપોરેટર ધર્મેશભાઈ તથા જેસીકાબેનનું સેવાકેન્દ્ર પર સન્માન કાર્યક્રમમાં બ્ર.કુ. રંજનબેન.

મલાવ ખાતે વડોદરા અલકાપુરી ગ્રુપ સેન્ટરના સર્વ બ્રહ્માકુમારી બહેનો અને સમર્પિત ભાઈઓની ત્રી-દિવસીય મૌન તપસ્યા ભઠ્ઠી બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ.ડૉ. નિરંજનાબેન.

મુંબઈ મલાડમાં 'તરંગ ગ્રાન્ડ ફિનાલે-રેડિયો વોઈસ ઑફ મુંબઈ'ના કાર્યક્રમમાં બ્ર.કુ.દિવ્યપ્રભાબેન, બ્ર.કુ.કુંતીબેન, ફિલ્મ પ્રોડ્યુસર ભ્રાતા અનુરાગ બસુ, RJ રમેશ ખડે, પાર્શ્વ ગાયક શિવાની કશ્યપ તથા દિલરાજ કૌર, સંગીતકાર ઓમ વ્યાસજી, બ્ર.કુ. યશવંતભાઈ.

સુરત અડાજણ ખાતે 'વનિતા વિશ્રામ ટ્રસ્ટ'ની કૉલેજના 'વિદાય તથા ઈનામ વિતરણ' કાર્યક્રમમાં ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. દક્ષાબેન, આચાર્ય ડૉ. કુસુમબેન ઢોલવાલા, ઉપઆચાર્ય ડૉ. સ્મિત ભટ્ટ, માનદ મંત્રી ડૉ.એસ.કે.મોહતી, સંયોજક ડૉ.ઈમરાન સુરતી.